

# અધ્યાત્મ

વર્ષ-૫ અંક-૧૦ જુલાઇ-૧૯૮૪

## કેનેડાના સાધકોની સદ્દભાવભરી સહાય

પ. પૂ મહાત્માશ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરી પ્રત્યે, કેનેડાના સાધક ભાઇબહેનો ખૂબ પ્રેમ, આદરભાવ ને શ્રદ્ધા ધરાવે છે. તેઓએ પ. પૂ. યોગેશ્વરજીના લીલા સંવરણ પછી નીચે પ્રમાણે આર્થિક સહાય મોકલાવી છે. તેઓ સહુને ખરેખર અભિનંદન ઘટે છે:–

| | કેનેડિયન ડોલર |
|---|---|
| શ્રી સુરેશભાઈ તથા વિમળાબેન શાહ | ૧૦૧ |
| ,, રમેશભાઇ તથા રંજનબેન તલાટી | ૧૦૧ |
| ,, અશોકભાઇ તથા પ્રજ્ઞાબેન પાઠક તથા અજીતભાઇ તથા મનોરમાબેન પાઠક | ૧૧૧ |
| ,, નંદુભાઇ તથા કપિલાબેન પટેલ | ૧૦૧ |
| ,, વિઠ્ઠલભાઇ તથા કમળાબેન પટેલ | ૫૧ |
| ,, રાજુભાઇ તથા જ્યોત્સનાબેન શાહ | ૫૧ |
| ,, હર્ષદભાઇ તથા અંજુબેન તલાટી | ૩૧ |
| ,, દીપકભાઇ તથા દક્ષાબેન પરીખ | ૨૫ |
| ,, વિનોદભાઈ તથા દામિનીબેન શાહ | ૨૫ |
| ,, સુરેશભાઇ પરીખ | ૨૫ |
| ,, સુરેશભાઇ દવે | ૨૫ |
| ,, વિઠ્ઠલભાઇ પટેલ, બઢતી મળવા બદલ | ૨૫ |
| ,, વિનોદભાઇ શાહ તરફથી બાબા તેજસ્‌ના જન્મદિન નિમિત્તે | ૧૫ |
| આ સિવાય કેસેટો, સરળગીતા અર્ઘ્ય વગેરેના વેચાણમાંથી મળેલ | ૧૧૮ |

કુલ રકમ ભારતીય ચલણમાં રૂા. ૬,૩૪૮-૦૦



ઋષિકેશના ત્રિવેણી ઘાટ ઉપર ગંગાજીમાં પૂ. શ્રીનાં અસ્થિઓનું વિસર્જન કરતા પ્રો. ટી. જી. ભટ્ટ (સુરત), શ્રી લલિતાપ્રસાદજી (દેહરાદૂન), પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી, શ્રી બાબુભાઈ વોરા (અમદાવાદ) અને શ્રી નારાયણભાઇ જાની (ભાવનગર), શ્રી જે. વી. શાહ (મુંબઈ)



દેવપ્રયાગની પ. પૂ. શ્રી યોગેશ્વરજીની સાધનાભૂમિ શાન્તાશ્રમની કુટિયાના ઓટલા ઉપર પ. પૂ. માશ્રી સર્વેશ્વરી ભાવમગ્ન દશામાં.

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૫ અંક : ૧૦ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.) અમદાવાદ.

**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર-૧


## લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# ❋ અનુક્રમણિકા ❋


| | | |
|---|---|---|
| અભિનયને કરી છૂટીએ | યોગેશ્વરજી | ૩ |
| શ્રી રામકૃષ્ણ પરમહંસ–એક | | |
| અવતારી મહાપુરુષ | નારાયણ હ. જાની | ૬ |
| યોગાનુભૂતિ | દારા જે. ભેસાણીઆ | ૧૨ |
| ગુરુ | યોગેશ્વરજી | ૧૭ |
| ધૂન | મા સર્વેશ્વરી | ૨૩ |
| રેણુ | મુકુન્દ પારાશર્ય | ૨૪ |
| શ્રી રામચરિત માનસના અનોખા | | |
| કથાકારની મુલાકાત | હરિભાઈ ભોજાણી | ૨૫ |
| સાધનાપંથે ડગ ભરતાં ભરતાં | ભાઈલાલભાઈ છાટબાર | ૨૯ |
| ગંગાના પુનિત પ્રવાહમાં પૂ. શ્રીનાં | | |
| અસ્થિઓનું વિસર્જન | સહયાત્રી | ૩૩ |
| શ્રી જયાબેને જીવી જાણ્યું | તંત્રી | ૪૨ |
| સાક્ષાત્કારી સાચા સંત–શ્રી યોગેશ્વરજી | ભગવાન પરમાર | ૪૪ |
| પ્રશ્નોત્તરી | મા સર્વેશ્વરી | ૪૭ |
| સદ્‌ગુરુ તો ભાગ્યશાળીને જ મળે | ગૌતમ ભટ્ટ | ૪૯ |
| પરમ પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ | — | ૫૨ |
| પ્રકાશના પંથે | દિપક પ્ર. મહેતા | ૫૪ |
| પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનું તપ હજીચાલુ છે | સર્વેશ્વરી પદરેણુ | ૫૯ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
—મા સર્વેશ્વરી

વર્ષ : ૫ જુલાઈ-૧૯૮૪ અંક : ૧૦


## અભિનયને કરી છૂટીએ

યોગેશ્વરજી

ઉનાળાના તાપમાં માનવને તાપમુક્ત કરવા માટે પંખાઓ પ્રબળ ગતિથી ફરી રહેલા. એ મનના અથવા અંતરના તાપને મટાડી શકે તેમ નહોતા, તો પણ હવાના તાપને, ઉકળાટને શમાવવાની શક્તિ ધરાવતા. માનવોએ એમના સેવાકાર્યને લક્ષમાં લઈને કહ્યું, "આ પંખા ના હોત તો શું થાત ? માનવની કેવી અવદશા થાત ? તાપથી બફાઈ જાત. પંખા છે તે ઘણું સારું છે. ઘણું લાંબુ જીવજો આ પંખાઓ."

રાતના ગાઢ પ્રગાઢ અંધકારમાં, અંધકારના અસામાન્ય આવરણોનો અંત આણવા માટે, ઈલેકટ્રીક લાઈટો, એમની સમગ્ર શક્તિથી સફળતાપૂર્વક કામે લાગેલી. એ બહારના, આજુબાજુના અંધકારનો અંત આણતી દેખાતી, પરંતુ અંદરના અંધકારને, અવિદ્યાજન્ય અંધકારને અડી નહોતી શકતી. માનવો એમની પુનિત પ્રાણવાન પ્રવૃત્તિને અંજલિ અપતાં કહેવા લાગ્યા, " લાઈટ ના હોત તો શું થાત ? આપણી કેવી દુર્દશા થાત ? મુશીબત વધી જાત. અંધકારમાં કશું કરાત જ નહીં. લાઈટ છે તે ઘણું સારું છે. યાવચ્ચંદ્ર દિવાકરૌ રહેજો આ લાઈટ.'

ઉપવનમાં પાણી છાંટવાનું હતું ત્યારે વૉટર વર્ક્સ, પાઈપ લાઈન અને ઘરના નળ કેટલા બધા મીઠા લાગ્યા ? અનિવાર્યરૂપે આવશ્યક થઇ પડ્યા. ઉપવનમાં પાણીને છાંટનારા માનવે જણાવ્યું, 'નળ છે તો કેટલું બધું સારું છે ? નળ હોત જ નહીં તો કેટલી બધી કરુણ અને કફોડી દશા થાત ? નળ સિવાયના જીવનની કલ્પના જ કરી શકાય નહીં. નળ ઘણું જીવજો. શતાયુ થજો.'

આકાશને આલિંગવાની અભિલાષા સેવતા વિશાળ ઉત્તુંગ મકાનમાં લીફ્ટની મદદથી ચઢનારા માનવો પરસ્પર કહેવા માંડ્યા, "લીફ્ટ છે તો સારું છે. આશીર્વાદરૂપ છે. સહેલાઇથી વિના પરિશ્રમે જ્યાં જવું હોય ત્યા જઈ શકાય છે. લીફ્ટ ના હોત તો શું થાત, તેની કલ્પના પણ કંપાવી મૂકે છે. જીવન અભિશાપરૂપ બની જાત. લીફ્ટ ઘણું જીવો. સદાને માટે સ્વસ્થ રહો.'

એટલામાં તો લીફ્ટ બંધ પડી, ઉપરના ને નીચેના માનવોને નીચે ઉપર ગયા સિવાય, ચઢ્યા ઉતર્યા સિવાય છૂટકો જ નહોતો. એમણે પોતાના ભાગ્યને દોષ દેતાં, ફરિયાદ કરતાં, અશાંતિ અનુભવતાં કે શાંતિ રાખતાં, દાદરનો ઉપયોગ કરવા માડ્યો. એ વખતે ભલામલા દાદર યાદ આવ્યા ને મહામૂલ્યવાન તથા ઉપયોગી થઈ પડ્યા.

પાણીના નળ એકાએક બંધ પડ્યા. વૉટર વર્ક્સમાં મુશ્કેલી ઊભી થઈ. જેમને પાણીની આવશ્યકતા હતી તેમણે ભૂલાયેલા કૂવાઓને શોધી કાઢ્યા. તળાવોનો લાભ લીધો. એવી રીતે પાણીની સમસ્યાઓને હળવી કરી.

લાઈટ બંધ પડી એટલે માનવોએ ફાનસ કાઢ્યાં, મીણબત્તી, કોડિયાં, પેટ્રોમેક્ષ પ્રગટાવ્યાં. અંધકારનો અંત આણવાના પ્રયત્નો કરતાં પોતાનું કાર્ય ચાલુ રાખ્યું.



પંખાઓ બંધ થયા એટલે થોડીવાર ઉકળાટ થયો. તાપ લાગ્યો. માનવે અસંતોષ વ્યક્ત કર્યો. પરંતુ હાથના પંખાઓને શોધી કાઢ્યા, ભીના વસ્ત્રોને શરીર પર રાખ્યાં, ઘરનાં બારીબારણાંને ઉઘાડી નાખ્યાં ગમે તે કરીને વૈકલ્પિક વ્યવસ્થાને ઊભી કરીને તાપમાંથી મુક્તિ મેળવવાનો, વધારે કે ઓછી રાહત મેળવવાનો પ્રયત્ન કર્યો.

કેટલાંકે કહ્યું પણ ખરું, જગતમાં, આપણા જીવનમાં કશું અનિવાર્ય થોડું છે ? આપણા વિના કશું જ અનિવાર્ય નથી. કશા વિના અટકી નથી પડતું. બધા વિના ચાલે છે, ચાલી શકે છે. એક નહિ તો બીજું. એકના સ્થાને બીજું ગોઠવાઈ જાય છે ને કામ કરે છે. કામ ચાલે છે. કામ કરવાનો સુવર્ણ સમય સાંપડ્યો છે તો એનું અભિમાન ના કરીએ. નમ્રાતિનમ્ર બનીને બને તેટલું કામ કરી છૂટીએ. આપણે પણ ઈશ્વરની વિશાળ દૈવી દુનિયામાં અનિવાર્ય તો નથી જ. છતાં પણ આપણા અભિનયને શાંતિપૂર્વક નિર્મમ તથા નિર્લિપ્ત રહીને કરી છૂટીએ.

*

## ગુરુપૂર્ણિમાનો કાર્યક્રમ

આ વર્ષે ગુરુપૂર્ણિમાનો કાર્યક્રમ તા. ૧૨–૭–૮૪ ને ગુરુવારે બપોરે ૧૨–૦૦ થી ૩–૦૦ શ્રી યોગેશ્વર સત્સંગ મંડળ વડોદરા તરફથી ૫૫/૧. અરૂણોદય સોસાયટી, અલકાપુરી વડોદરા–૫ ખાતે પ. પૂ. મા સર્વેશ્વરીના સાન્નિધ્યમાં રાખવામાં આવેલ છે. સહુ સાધક ભાઇબહેનોને પધારવા નિમંત્રણ છે.

# શ્રી રામકૃષ્ણ પરમહંસ-એક અવતારી મહાપુરૂષ

નારાયણ હ. જાની

ભૈરવી જેમ જેમ શ્રી રામકૃષ્ણનું નિરીક્ષણ કરતાં તેમજ તેમના આધ્યાત્મિક અનુભવો સાંભળતાં ગયાં, તેમ-તેમ તેમને પ્રતીતિ થઇ ગઇ કે તેઓ જેમની સંનિધિમાં છે તેઓ માત્ર એક સંત પુરુષ નહિ, પરંતુ તે કરતાં પણ વિશેષ છે. ભૈરવી એ ચોક્કસ નિર્ણય ઉપર પહોંચ્યાં કે રામકૃષ્ણ કોઇ સામાન્ય માનવ નથી, પરંતુ ખરેખર આ પૃથ્વી ઉપર આવેલા ભગવાનના અવતાર જ છે.

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યા પ્રમાણે જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થતી દેખાય છે, ત્યારે ભગવાન પૃથ્વી પર અવતાર લે છે. ભારતીય તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ એક સંતપુરુષ કે સમાધિનિષ્ઠ મહાત્મા અને અવતારી પુરુષમાં ઘણો તફાવત છે હિંદુઓ પશ્ચિમના તત્ત્વજ્ઞાની ઓસ્કર વાઇલ્ડના એ મંતવ્ય સાથે સંમત થાય છે કે "દરેક સંતને ભૂતકાળ હોય છે, તો દરેક પાપીને સુધરવા માટે ભવિષ્ય ઉઘાડું હોય છે." સંત પુરુષ એ એક માનવ છે, પરંતુ એક અવતારી પુરુષ એથી વિશેષ છે. એને કોઇ ભૂતકાળ કે કર્મોનું પ્રારબ્ધ હોતું નથી. તેથી કર્મોના પરિણામે એને જન્મવાનું થતું નથી. એમનો જન્મ કેવળ માનવજાતના ભલા માટે, કરૂણા કરીને થયેલો હોય છે. તેઓ ભલે માનવ શરીર ધારણ કરીને કાળ અને સ્થળની આ દુનિયામાં જન્મ લે, પરંતુ તેઓ શાશ્વત છે. કાળ તેમના અસ્તિત્વને ભૂંસી શકતો નથી. તેઓ માયાથી પર છે એટલું નહિ પરંતુ માયાના



સ્વામી છે. અધિપતિ છે. માયા-જનિત અવિદ્યા એમને કશું કરી શકતી નથી.

રામકૃષ્ણના જીવનમાં અવતારી પુરૂષમાં જોવા મળતાં બે ખાસ પ્રકારનાં લક્ષણો દેખાતાં. તેમાંનું એક એમની ઘણા લાંબા કાળ સુધી સમાધિમાં રહેવાની શકિત. સામાન્ય માણસ જો આટલા લાંબા કાળ સુધી સમાધિમાં રહે તો તેનું ભૌતિક શરીર ઝડપથી નષ્ટ થવા માંડે. બીજી એમની વિશિષ્ટ શકિત એ હતી કે કેવળ સ્પર્શમાત્રથી બીજાને આધ્યાત્મિક અનુભુતિ કરાવવી. આપણે હલધારીના દૃષ્ટાંતમાં એ જોયું છે. પોતાના જીવનકાળ દરમ્યાન શ્રીરામકૃષ્ણે જુદા જુદા અનેક પ્રસંગોએ એનો ઉપયોગ કર્યો છે.

રામકૃષ્ણના સાચા સ્વરૂપ અંગેનો પોતાનો અભિપ્રાય ભૈરવીએ પોતાના પૂરતો મર્યાદિત ન રાખતાં દક્ષિણેશ્વરના સહુને કહેવા માંડ્યો. શ્રીરામકૃષ્ણ એક અવતારી પુરૂષ છે- એ વિધાનનો શરૂમાં સહુ વિરોધ કરે અને એમાં અવિશ્વાસ કરે એ સ્વાભાવિક છે. આ અડધા ગાંડા જેવો પૂજારી જેની અત્યાર સુધી એના પ્રત્યે પ્રેમભાવ રાખનાર માણસો પણ ઠઠ્ઠામશ્કરી કરતા, તે મોટો ભગવાનનો અવતાર! અરે, મથુરબાબુને પણ થતું કે શું સાચું માનવું? એ સાચું કે એમને ખાત્રી થઇ ચૂકી હતી કે તેઓ સામાન્ય કોટિના માનવ નથી. પણ શું તે મોટા ભગવાનના અવતાર! એ વાત જલદી ગળે ઉતરતી નો'તી.

આથી શરૂમાં મથુરબાબુને ભૈરવીની એ વાતમાં વિશ્વાસ ન બેઠો. એમને પણ શંકા થવા માંડી કે આવી સ્વરૂપવાન સ્ત્રી શું ખરેખર દેખાય છે તેવી પવિત્ર હશે? આથી એક દિવસ જ્યારે તેઓ કાલીના મંદિરમાંથી બહાર આવી રહ્યાં હતાં ત્યારે મજાક કરતાં મથુર બાબુએ પૂછ્યું. 'અરે ભૈરવી,

તમારા ભૈરવ ક્યાં છે?" એમની માન્યતા એવી હતી કે
એમનો કોઈ પ્રેમી અહીં ક્યાંય નજીકમાંજ વસતો હશે.
પરંતુ આ સાંભળીને એ પવિત્ર સ્ત્રી જરાય ગભરાઈ કે શરમાઈ
નહિ. તેમણે ખૂબ શાંત નજરથી મથુરબાબુ સામે જોયું અને
પછી ભગવાન શંકર તરફ આંગળી કરી કહ્યું: "પેલા રહ્યા."
મા ત્રિપુરાસુંદરીના નૃત્ય કરતા ચરણોમાં સૂતેલા ભગવાન
શંકરનું દર્શન દૂરથી મંદિરના અંદરના ભાગમાં થતું હતું.

મથુરબાબુએ પોતાની મશ્કરીના અનુસંધાનમાં કહ્યું, 'પણ
એ ભૈરવ થોડા હાલે ચાલે છે?'

તે પવિત્ર સ્ત્રીએ ગૌરવપૂર્ણ છતાં સરળભાવે કહ્યું: "જો
હું એ અચલને હાલતા ચાલતા ન કરી શકું તો પછી હું
ભૈરવી થઈ શા માટે?" એમના આવા જવાબ ને વર્તનથી
આખરે મથુરબાબુ શરમાયા અને એમની એટલી સંસ્કારિતા
કે એમને પોતાને પણ પોતાની જાત પ્રત્યે લજ્જા ઉપજી.

શ્રી રામકૃષ્ણ એક અવતારી પુરુષ છે, એ જાતના પોતાના
વિધાનને કેવળ રજુ કરીને ભૈરવીને સંતોષ ન થયો, પરંતુ
એ વિધાનને શાસ્ત્રોનું પણ સમર્થન છે, તે બતાવી આપવા
નિશ્ચય કર્યો. એમણે મથુરબાબુને વાતવાતમાં કહ્યું પણ ખરું
કે તમારે જે કોઈ પંડિતોને બોલાવવા હોય તેને બોલાવો
હું તેમની સમક્ષ મારી વાત સાબિત કરી આપીશ. બીજી
બાજુ શ્રીરામકૃષ્ણને ભૈરવીના આવા પ્રસ્તાવથી રમુજ થતી
અને આનંદ પણ આવતો, એટલા ખાતર આવી ચર્ચા ગોઠ-
વવા મથુરબાબુ સંમત થયા. વળી આવી ચર્ચા ગોઠવાય તો
તેનાથી કંઈ નુકસાન તો થવાનું ન હતું. મથુરબાબુએ વિચાર્યું
કે બહુ બહુ તો પંડિતો ભૈરવીના રામકૃષ્ણ અવતારી પુરુષ
છે એ વિધાનને પડકારશે, તો તેથી રામકૃષ્ણનું તો ભલુજ
થવાનું છે, કારણ કે જ્યાં સુધી ભૈરવીના મત પ્રમાણે પોતે



અવતારી પુરુષ છે એમ માનતા રહે તો સંભવ છે કે તેઓ
વધારે ને વધારે જવાબદારીપૂર્ણ વર્તન કરતા રહે, કારણ
કે ભગવાન પોતાને ગમે તે સર્વ કંઈ કરી શકે છે.

આખરે આવી ચર્ચાસભા ગોઠવાઈ તેના મુખ્ય પંડિતોમાં
એક વૈષ્ણવ ચરણ અને બીજા ગૌરી હતા. વૈષ્ણવ ચરણની
પ્રતિષ્ઠા એક પવિત્ર માનવ અને શાસ્ત્રના પ્રખર પંડિત તરીકે-
ની હતી. તેઓ વૈષ્ણવ સમાજના સન્માનીય સર્વસ્વીકૃત આગે-
વાન ગણાતા. ઘણા ભક્તજનો તેમની પાસે માર્ગદર્શન માટે
આવતા. ત્રણેક વરસ પહેલાં એક ધાર્મિક ઉત્સવમાં તેઓને
શ્રી રામકૃષ્ણ સાથે મળવાનું થયેલું અને એમના ઉપર એમની
ઘણી ઊંચી છાપ પડેલી. પરંતુ તે પછી તેઓ બન્નેને પર-
સ્પર મળવાનું થયેલું નહિ. ગૌરી પણ તંત્ર સાધનાના એક
પ્રખર પંડિત તરીકે જાણીતા હતા. અને તેમનામાં ઘણી અદ્-
ભુત ચમત્કારિક સિદ્ધિઓ હતી.

વૈષ્ણવ ચરણ, ગૌરી કરતાં કેટલાક દિવસ વહેલા દક્ષિ-
ણેશ્વર આવ્યા, એટલે એમના વિના પ્રારંભિક ચર્ચાસભા ગોઠવાઈ.
તેમની સમક્ષ ભૈરવીએ કેટલાંય શાસ્ત્રોનાં અવતરણો ટાંકીને
પોતાના વિધાનની રજુઆત કરી તે પછી એમણે વૈષ્ણવ
ચરણને આવાહન કરતાં કહ્યું, "જો તમે મારી સાથે અ-
સંમત થતા હો, તો મને તેનાં કારણો જણાવો." આ પ્રસંગ
ઉપર ટીપણી કરતાં સ્વામી શારદાનંદ લખે છે કે ભૈરવી ત્યારે
પોતાના પુત્રનો પક્ષ લેવા માટે જાણે એક ગૌરવશાળી
માતા આગળ આવી હોય એવાં લાગતાં હતાં. આ સમયે
રામકૃષ્ણ ચર્ચા સભામાં બધાંની વચ્ચે બેઠા હતા, પરંતુ
દેખીતી રીતે એવું લાગતું હતું કે જાણે એમને આ કશા સાથે
સંબંધ નથી, એવી રીતે તેઓ હસતા હતા. તો કોઈ કોઈ
વાર તેમના હાથમાં રહેલી થેલીમાંથી થોડા દાણા મોંઢામાં

મૂકતા હતા અને આ વાતચીત કે ચર્ચા એવા તટસ્થભાવે સાંભળી રહ્યા હતા કે જાણે તે બીજા કોઈની ન હોય! વળી ચર્ચા દરમ્યાન પોતાના આધ્યાત્મિક અનુભવને કંઈક ખોટી રીતે સમજવામાં આવે છે એમ જણાતાં રામકૃષ્ણ વૈષ્ણવ ચરણની બાંય પકડીને તેમને પોતાના આધ્યાત્મિક અનુભવના કેટલાક પાસાઓ સમજાવતા.

કેટલાકોનું કહેવું છે કે પોતાની આંતરિક આધ્યાત્મિક શક્તિ વડે, શરૂથીજ શ્રી રામકૃષ્ણના સાચા સ્વરૂપની જાણ વૈષ્ણવ ચરણને થઈ ગયેલી. એથી એમણે ભૈરવીએ રામકૃષ્ણના અવતારી પુરુષ હોવાના વિધાનના સમર્થનમાં રજુ કરેલાં બધાં જ શાસ્ત્રોનાં મંતવ્યોને સ્વીકારી લીધાં. દાખલા તરીકે શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે જે ઓગણીસ પ્રકારના આધ્યાત્મિક ભાવો છે તે કેવળ અવતારી પુરુષમાં જ એક સાથે જોઈ શકાય, કારણ કે સામાન્ય માનવીનું શરીર, પછી ભલે તે ગમે તેટલો મોટા સંત પુરુષનું હોય, તો પણ તેમને જીરવી ને જીવી શકતું નથી. શ્રી રામકૃષ્ણમાં આ બધા જ ભાવો એક સાથે દેખાતા. એથી વૈષ્ણવ ચરણ ભૈરવી સાથે સંમત થયા કે રામકૃષ્ણ એ અવતારી પુરુષ છે. આવા અણધાર્યા વૈષ્ણવ ચરણ જેવા પ્રખર પંડિતના સ્વીકારથી ભારે અચંબો પેદા થયો. પરંતુ શ્રી રામકૃષ્ણ ઉપર આની કોઈ પ્રતિક્રિયા ન થઈ એમણે મથુરબાબુ પ્રતિ ફરીને સસ્મિત વિનોદપૂર્વક કહ્યું "તો એ પણ શું એવું માને છે! ખેર, મને તો એ જાણીને શાંતિ થઈ કે એ કોઈ પ્રકારનો રોગ નથી."

હવે પ્રશ્ન એ રહ્યો કે શું ગૌરી વૈષ્ણવ ચરણના મત સાથે સંમત થશે કે નહિ?



અગાઉ ઉલ્લેખ કર્યા પ્રમાણે ગૌરીમાં ઘણી અદ્દભુત ચમત્કારિક સિદ્ધિઓ હતી. હોમનો અગ્નિ પ્રકટાવીને હવન કરવાની એક ધાર્મિક વિધિ છે. સાધક તેમાં પોતાનાં બધાં જ કર્મો પ્રભુને સમર્પિત કરી હોમી દે છે. પરિણામે હવનની જ્વાળાઓથી તે પવિત્ર થઈ ગયો માનવામાં આવે છે. સામાન્ય રીતે, આવું હવન જોકે જમીન ઉપર કરવામાં આવતું હોય છે. પરંતુ ગૌરી પોતાનો ડાબો હાથ લાંબો કરી તેના ઉપર હોમનાં લાકડાં ગોઠવાવતો અને જમણા હાથે અગ્નિ પ્રકટાવી તેમાં આહૂતિઓ આપતો. ખુલ્લા હાથ ઉપર ચાર પાંચમણ લાકડાનું વજન અને અગ્નિનો તાપ સહન કરતાં, લગભગ પોણા કલાક સુધી રહેવું અને તે સાથે પોતાનું ધ્યાન છેવટ સુધી ચાલુ રાખવું એ ખરેખર એક અદ્દભુત ચમત્કારિક ઘટનાજ લેખાય. પરંતુ શ્રીરામકૃષ્ણે પોતે ગૌરીને આ પ્રમાણે કરતો જોયાનો ઉલ્લેખ છે.

(શ્રી ક્રિસ્ટોફર ઈશરવુડના આધારે)

તમારા મન અને વિચારોની તપાસ કરો. તમારું નિરક્ષણ કરો. આત્મવિશ્વાસનો અભ્યાસ કરો. ખરાબ સંગથી દૂર રહો ઇશ્વરની માયાની ચાલને સમજો. નમ્ર અને સરળ બનો. પ્રત્યેક ક્ષણે ઇશ્વરની યાદ ન ભૂલો.

# યોગાનુભૂતિ

દારા. જ. ભેસાણીઆ

ભારત વર્ષમાં આધ્યાત્મિક પ્રગતિ માટે અનેક માર્ગો પ્રચલિત છે. આ બધામાં ભકિતમાર્ગ વિશેષ પ્રચલિત છે. ભકિત એટલે ઈશ્વર પ્રત્યેનો અસીમ પ્રેમ. પ્રત્યેક વ્યકિતમાં પ્રેમ પ્રાકૃતિક ગુણ રૂપે વિદ્યમાન હોય છે. ફલતઃ ભક્તિ-માર્ગનું અવલંબન કોઈ પણ વ્યકિત સહેલાઈથી લઈ શકે છે.

ભકિતમાર્ગનું શ્રેષ્ઠ અને સરલ સાધન તે ભજન. ભજન શ્રેષ્ઠ અને સરલ એટલા માટે છે કે તેનું શ્રવણ થતાં દિલમાં ભાવ જાગે છે અને સહજ રીતે ઈશ્વર સાથે તાદાત્મ્ય સંધાય છે. બીજા બધા સાધનોમાં તેના અનુષ્ઠાનનો લાભ માત્ર કર્તાને જ પ્રાપ્ત થાય છે, જ્યારે ભજનમાં ગાયક અને શ્રોતા બંનેને તેનો લાભ મળે છે.

ભજનો મુખ્યત્વે ઈશ્વરની લીલાઓ પર વધુ રચાય છે. પરંતુ યોગાનુભૂતિઓ રજૂ કરનારા ભજનો ખૂબ જ ઓછા છે. તેનું કારણ એ છે કે આપણે ત્યાં યોગી ભકતો ઘણા ઓછા થઈ ગયા છે. મહાતીર્થ કાયાવરોહણના સંસ્થાપક યોગાચાર્ય સ્વામી શ્રી કૃપાલ્વાનંદજી આવા એક યોગીભકત હતા. તેમણે લગભગ ૨૦૦ જેટલાં યોગ-જ્ઞાન–ભકિતના પદો રચ્યાં છે. તેઓશ્રી રચિત એક યોગાનુભૂતિ અંગેનાં ભજનનો આસ્વાદ અહીં માણીએ.

### વિરલયાત્રી

(ઢાળ : દીન દુઃખીનો તું જ દિલાસો)

ગિરિશિખર પર મંદિર તારું ઝળહળ જ્યોતિ જગે,
નિત્ય નવીન સંઘનું ટોળું યાત્રાર્થે નીકળે...ગિરિ.



કાયાનગરીને નવ દરવાજા,
યાત્રી ભૂલી ભમે,
એકથી છૂટી બીજે ફસાતાં-
આ ર્તં ના દો કરે,
દશમા દ્વારની ગુપ્ત ગલી ના કોઈની આંખે ચઢે...ગિરિ.
કાયાનગરીની પાંચ પટરાણી,
મન મહારાજ્ય કરે,
વિષયોની કુંજમાં વિષની લહાણી–
અતિથિને રોજ મળે,
અમૃતથી અજાણ અજ્ઞાની વિષના ઘૂંટ ભરે....ગિરિ.
ભોગભૂમિમાં ભકિતનું થાણું,
સદ્‌ગુરુ ચોકી કરે,
કોમલકંઠે પ્રેમનું ગાણું-
નિશદિન ગાતા રહે,
ભુલ્યા ભટકયાની દયાળુ સર્વદા રક્ષા કરે...ગિરિ.
રામમંત્રની દીક્ષા દઈને,
અંતર ઉજ્જવલ કરે,
સુષુપ્ત શકિતને જાગ્રત કરીને
શબ્દ અનાહત ભણે,
યોગી "કૃપાલુ" નું શરણું લઈને અમરોના પંથે પળે...ગિરિ.

આ ભજનનો એકેએક શબ્દ વિચારવા જેવો છે.

ગિરિશિખર કયું ? પૂ. સ્વામીજી આ દેહને ગિરિ સાથે સરખાવે છે. શિખર એ મસ્તક. મસ્તકમાં આવેલું સહસ્રાર ચક્ર તે ગિરિશિખરનું મંદિર.

યોગશાસ્ત્રોએ મનુષ્ય શરીરમાં સપ્ત ચક્રો નિરૂપ્યાં છે– મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ. આજ્ઞા અને સહસ્રાર ચક્ર. સહસ્રાર અંતિમ ચક્ર છે અને તે મૂર્ધામાં

આવેલું છે. તેમાં નિરંજન પરમાત્માનો નિવાસ છે. ત્યાં ઝળહળ જ્યોતિ ઝગે છે.

યોગસાધક સાધનામાં બેસે છે ત્યારે તેના પ્રાણનું ઉત્થાન થઇ તે મૂલાધારથી બધા ચક્રોને ભેદતો ભેદતો ઉપર બાજુ આવે છે. અહીં પ્રાણે સહસ્ર ચક્ર બાજુ જે યાત્રા કરવી પડે છે તે જ આધ્યાત્મિક યાત્રા. શકિત (કુંડલિની) મૂલાધાર ચક્રમાં સૂતેલી પડી હોય છે. તે જીવ અર્થાત્ બદ્ધતાનું સ્થાન છે. ત્યાંથી શકિત ઉર્ધ્વગામી બની શિવ (સહસ્રાર ચક્ર) સાથે મિલન માટે યાત્રાર્થે નીકળે છે. આ યાત્રા નિત્ય થોડી થોડી આગળ વધે છે. આ યાત્રામાં વર્ષોનાં વર્ષો, બલ્કે જન્મો નીકળી જાય છે. જ્યારે શકિત અને શિવનું મિલન થાય છે ત્યારે યોગ પૂર્ણ થાય છે.

કાયાનગરીને નવ દરવાજા,
યાત્રી ભૂલી ભમે,
એકથી છૂટી બીજે ફસાતાં–
આર્ત્ત નાદો કરે,
દશમા દ્વારની ગુપ્ત ગલી ના કોઇની આંખે ચઢે....ગિરિ.

આ કાયાનગરીના ભગવાને નવ દરવાજા બનાવ્યા છે– બે ચક્ષુ, બે શ્રોત્ર, બે નાસારંધ્ર, મુખ, ઉપસ્થ અને ગુદા. આ બધા દ્વારોમાંથી ચેતના બહાર નીકળ્યા કરે છે અર્થાત્ બહિર્મુખ રહે છે. ફલતઃ મનુષ્યને શાશ્વત સુખ–શાંતિ પ્રાપ્ત થતાં નથી. ચેતના જો દશમ દ્વાર બાજુ વળે તોજ તેને ખરો માર્ગ મળે. આ દશમ દ્વાર કયું ? પડજીભની પાછળ- નો શ્વાસમાર્ગ તે દશમ દ્વાર. યોગીની ભાષામાં 'કપાલકુહર' પણ કહેવામાં આવે છે. આ કપાલકુહર દ્વારા રસના બ્રહ્મ રંધ્રમાં પ્રવેશે જેને ખેચરીમુદ્રા કહેવામાં આવે છે. કો'ક વિરલો યોગી જ આ માર્ગે ચઢી પૂર્ણતા પ્રાપ્ત કરે છે.



કાયાનગરીની પાંચ પટરાણી,
મન મહારાજ્ય કરે,
વિષયોની કુંજમાં વિષની લહાણી–
અતિથિને રોજ મળે,
ભુલ્યા ભટકયાની દયાળુ સર્વદા રક્ષા કરે...ગિરિ.

કાયાનગરીની પાંચ પટરાણી તે પાંચકર્મેન્દ્રિયો છે. આ પાંચ કર્મેન્દ્રિયો દ્વારા મનમહારાજ ભોગો ભોગવે છે. તે નેત્ર દ્વારા રૂપ, જિહ્વા દ્વારા રસ, નાસિકા દ્વારા ગંધ, કર્ણ દ્વારા શબ્દ અને ત્વચા દ્વારા સ્પર્શના વિષયો ભોગવે છે. સામાન્ય સંસારી જન આ વિષયોના વિષનું નિત્ય પાન કરતો રહે છે. કારણકે તેને કદી અમૃતનો આ- સ્વાદ માણ્યો જ નથી હોતો. યોગીને જ્યારે ખેચરી મુદ્રા ઉદ્ભવે છે ત્યારે તે જિહ્વા થકી અમૃત પાન કરતો રહે છે. આ અમૃત અમરતાનું ઔષધ છે. અમૃત સમસ્ત પેયોનો રાજા છે. જે તેનો રસાસ્વાદ માણે છે તેને બીજા રસો ફિક્કા લાગે છે.

ભોગભૂમિમાં ભકિતનું થાણું,
સદ્ગુરુ ચોકી કરે,
કોમલકંઠે પ્રેમનું ગાણું–
નિશદિન ગાતા રહે,
ભુલ્યા ભટકયાની દયાળુ સર્વદા રક્ષા કરે ..ગિરિ.

આપણે ઉપર સપ્ત ચક્રો નિહાળ્યાં. આમાં મૂલાધાર અને સ્વાધિષ્ઠાન ચક્રોનું સ્થાન અનુક્રમે ગુદા અને લિંગ છે. સાધક પ્રાણોત્થાનની સાધ્રના કરે છે ત્યારે શરૂઆત મૂલાધારથી થાય છે. તે પ્રજનનતંત્રની અંતરગત હોવાથી જ્યારે તેનું ભેદન થાય છે ત્યારે કામવાસના પ્રબળ બને છે. ઘણાને આ પ્રશ્ન મુંઝવે છે કે પ્રાણોત્થાનના ધ્યાન દરમ્યાન વાસના સતા-

વતી હોય તેવું શા માટે લાગે છે? યોગ અને ભોગનું મધ્યબિંદુ એકજ છે. યોગીએ પણ ત્યાં થઇને જ આગળ વધવાનું હોય છે. આ યોગનો એક અનિવાર્ય તબક્કો છે. જો સદ્‌ગુરુનો પૂર્ણ અનુગ્રહ હોય તો જ સાધક આ તબક્કો વિતાવી આગળ વધે છે. સદ્‌ગુરુ યોગયુક્તિઓના ભંડાર સમાન છે; એમ કહીએ કે યોગ મહાલયના અનેક ખંડોના દ્વારની અનેક કૂચી તેની પાસે છે. સાધક તેમનું શરણું સ્વીકારી તેમની સેવા કરે તો આ કૂંચીઓ મળી શકે છે.

રામમંત્રની દીક્ષા દઇને
અંતર ઉજ્જવલ કરે,
સુષુપ્ત શક્તિને જાગ્રત કરીને–
શબ્દ અનાહત ભણે,
યોગી કૃપાલુનું શરણું લઇને અમરોના પંથે પળે...ગિરિ.

સાધક સાધના કરતો કરતો જ્યારે અનાહત ચક્ર (હૃદય) સુધી પહોંચે છે ત્યારે તેને અનાહત નાદ ઉત્પન્ન થાય છે. આ અનાહત નાદમાં ઓમ્ અને રામ ધ્વનિ સતત રીતે મુખ દ્વારા થયા કરે છે. પ્રાણોત્થાનની સાધનામાં એ યાદ રાખવાનું છે કે તેમાં સાધકે કંઇ જાતે કરવાનું હોતું નથી. પ્રાણની પ્રબળતાથી સ્વયંભૂ રીતે અનેક ક્રિયાઓ સાધકના શરીરમાં થયા કરે છે. આ અનાહત નાદ યોગનો એક ઉચ્ચ તબક્કો છે. તે ઉચ્ચકક્ષાના સાધકને જ પ્રાપ્ત થાય છે. આવી અસંખ્ય યોગાનુભૂતિઓ ઉચ્ચકક્ષાના સાધકને થાય છે. પરંતુ આ માર્ગ શરણાગતિનો માર્ગ છે. જે યોગી પરમ "કૃપાલુ" પરમાત્માનું શરણું લે છે તે જ અમરતાનો પંથ પામે છે.

*



# ગુરુ

–યોગેશ્વરજી

આધ્યાત્મિક પ્રગતિને માટે ગુરુ અથવા ધાર્મિક માર્ગદર્શક આવશ્યક કે અનિવાર્ય છે, એવું માનવામાં આવે છે. એમની મદદ વગર કોઇપણ માણસ આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ સાધી શકતો નથી. અરે બુદ્ધિશાળી લોકોમાં પણ એવી ખોટી માન્યતા જડ ઘાલીને બેઠી છે કે વ્યક્તિએ અગર આધ્યાત્મિક ક્ષેત્રે વિકાસ કરવા ઇચ્છતા સાધકે, ભલે પછી એણે પોતાના જીવનકાળ દરમ્યાન ખૂબ પુરુષાર્થ કરીને આત્મિક પ્રગતિ સાધી હોય, છતાં ગુરુ વિના તેને મોક્ષ, પૂર્ણતા કે શાન્તિની પ્રાપ્તિ થતી નથી. પરિણામે ઘણી મોટી સંખ્યામાં લોકો ગુરુ પાસેથી મંત્રદીક્ષા મેળવવા લલચાય છે અને જો આવા કોઇ ગુરુ જીવનકાળ દરમ્યાન ન મળે તો ભારે નિરાશા ને દુઃખ અનુભવે છે. ઘણીવાર એવું પણ બને છે કે ગુરુ પસંદ કરવાની ઉતાવળમાં, લોકો ધીરજ અને વિવેકબુદ્ધિ ખોઈ બેસે છે. ગુરુ કે યોગ્ય આધ્યાત્મિક માર્ગદર્શક મેળવવાની તેઓ રાહ જોયાં કરે છે અને જાણે કે એમની મદદ વગર કશું થઇ શકેજ નહિ એવી ભ્રમણા સેવે છે અને કશું કરતા નથી.

સાચી વાત એ છે કે આધ્યાત્મિક ગુરુનું માર્ગદર્શન, પ્રેરણા ને મદદ આવશ્યક હોવા છતાં, આપણે એ ધ્યાનમાં રાખવું જોઇએ કે આધ્યાત્મિક ક્ષેત્રમાં કેટલેક અંશે કોઈની પણ મદદ કે સહાય વગર સહેલાઇથી પ્રવેશ કરી શકાય છે. એથી ચાલો આપણે વિચારી લઇએ કે ક્યાં સુધી ગુરુની હાજરી આવશ્યક નથી કે એકદમ અનિવાર્ય નથી.

સાધકે કેટલાક અંશે આત્મશુદ્ધિની સંપ્રાપ્તિ કર્યા પછી, અને કેટલીક આધ્યાત્મિક પ્રગતિ સાધ્યા પછી, એનો આત્મા પરમશક્તિના સીધા સંપર્કમાં આવે છે ને પ્રકાશને પામે છે. આવો દૈવી સૂક્ષ્મ સંબંધ પ્રસ્થાપિત થયા પછી તે સાધક એના અંતરમાંથીજ સૂચનો, માર્ગદર્શનો કે પ્રેરણાઓ મેળવવા શક્તિમાન બને છે અને તે પ્રમાણે ચાલે છે. પરિણામે એના જીવનમાંથી અનિશ્ચિતતા તેમજ અસ્થિરતા સદંતર દૂર થઈ જાય છે. એનો પોતાનો આત્માજ કે એનામાં રહેલા પરમાત્માજ એના ગુરુ બને છે અને એને દોરે છે. આવી ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થામાં કે આવા સંજોગોમાં કોઇ બાહ્ય ગુરુની આવશ્યકતા પછી તેને માટે રહેતી નથી. એવા સાધકના જીવનમાં આ ગુરુ ખૂબ જાગૃતિપૂર્વક ને શક્તિશાળીપણે આંતરિક રીતે કામ કરે છે–કહો કે એની આંતરિક ચેતના સૂક્ષ્મ સ્તર પરથી માર્ગદર્શન આપે છે.

જીવનનાં એવાં બીજાં કેટલાંક ક્ષેત્રો પણ છે જેમાં ગુરુ માટે એક ક્ષણની પણ પ્રતીક્ષા કર્યા વિના સાધક પ્રસ્થાન કરી, આગળ વધી શકે છે. દાખલા તરીકે આપણે સવારે સૂર્યોદય પહેલાં ઊઠવા માંગીએ છીએ. શું આ માટે આપણે ગુરુની આવશ્યકતા કે જરૂરિયાત છે ? જાગ્યા પછી આપણે પ્રભુની પ્રાર્થના કરવાની ઈચ્છા રાખતા હોઇએ તો આપણે શું ગુરુની ગેરહાજરીમાં, આપણાં શાસ્ત્રોમાં આલેખાયેલી પ્રાર્થનાઓ નથી કરી શકતા ? શું આપણે ગુરુના આગમન પર્યંત, અનિશ્ચિત સમય સુધી, પ્રાર્થનાઓ કરવાનું મોકુફ રાખીશું ? અથવા આપણે વહેલા સ્નાન કરી, પ્રભુનાં નામના જપ, સ્તુતિઓ, ધ્યાન કે આત્મભાવની જાગૃતિ પ્રેરતાં શાસ્ત્રોનું કે સદ્ગ્રંથોનું વાંચન માંડી વાળી, કશુંજ કર્યા વિના



આળસુની જેમ પડ્યા રહીશું ? કારણ કે આપણને હજુ ગુરુ મળ્યા નથી.

સવારે નાસ્તો કરવા બેસીએ ત્યારે પેટ ભારે ન થઈ જાય, તે પ્રમાણેની શિક્ષા ધ્યાનમાં રાખવાનું શું ગુરુ વિના આપણે નહિ કરી શકીએ ?

વળી આપણા સામાજીક વ્યવહારમાં કે ધંધામાં સાચુ બોલવા, દીનદુઃખીઓ કે ગરીબો પ્રત્યે દયા દર્શાવવા કે સહાય કરવામાં, અથવા કામ, ક્રોધ, લોભ, મોહ કે આસક્તિના પ્રસંગોમાં સંયમ જાળવવામાં શું ગુરુની હાજરીની આવશ્યકતા છે ? પ્રામાણિકતા, પવિત્રતા, નિયમિતતા કે વચનપાલનની બાબતોમાંય શું ગુરુથી ઉપસ્થિતિ જરૂરી છે ? સવારે, સાંજે કે રાત્રે પ્રાર્થના કરવામાં, આત્મનિરીક્ષણ કે આત્મપરીક્ષણ માટેય શું ગુરુની જરૂરિયાત છે ? ભૂલેલાને માર્ગ બતાવવામાં, ભૂખ્યાંને અન્ન, પાણી ને વસ્ત્રો ને ગરીબોને આવાસ કે શિક્ષણની સુવિધાઓ આપતી વખતે પણ શું ગુરુની હાજરી જરૂરી છે ? જો ગુરુ આપણી પાસે ન હોય તો આપણે શું હતાશ બનીને બેસી રહીશું ને કશુંજ નહિ કરીએ ?

આ બધાજ પ્રશ્નોના ઉત્તરો ચોક્કસપણે નામાંજ આવવાના. ઉપર પ્રમાણેના સંજોગો; પરિસ્થિતિઓ કે વાતાવરણમાં આપણે આપણી વિવેકબુદ્ધિ ને અંતઃસ્ફુરણા પ્રમાણે જરૂરથી વર્તી શકીએ ને બીજાઓને મદદરૂપ થઇ શકીએ. આપણા સ્વભાવ, જીવન-દૃષ્ટિ તેમજ ગમા પ્રમાણે કોઇપણ પવિત્ર નામનો ઉચ્ચાર કે જપ કરી શકીએ. આવા નામોનો જપ કે ઉચ્ચાર કોઇપણ પ્રકારે નુકસાનકારક થવાનો નહિ. એથી ઉલટું, એ આપણે માટે હંમેશા સર્વ પ્રકારે લાભ-

કારક, આનંદાયક કે ઉન્નતિકારક બનવાનો; એનાથી શુભ તેમજ સારા કામોજ થવાનાં. આથી ગુરૂની રાહ જોવામાં આપણે વધુ વખત વેડફી શકીએ નહિ. જીવનની બહુમુલ્ય પળો ઝડપથી પસાર થઈ રહી છે અને શુભ કાર્યોનો પ્રારંભ આપણે બને તેટલો વહેલો કરી નાખવો જોઈએ. જીવનનો પ્રત્યેક શ્વાસ જે પસાર થઇ જાય છે, તે કોઇપણ કિમતે પાછો પામી શકાતો નથી. તે તો સદાને માટે અનંતમાં અદૃશ્ય થઇ જાય છે.

હવે જીવનમાં ગુરૂ ક્યાં જરૂરી છે, તે જોઈએ. વિષયના બીજા પાસાને વિચારતાં, એ સંપૂર્ણ ડહાપણ ભરેલું કહેવાશે કે આધ્યાત્મિક ગુરૂની આવશ્યકતાન કેટલાક અંશે સ્વીકારવામાં આવે. આથીજ આપણાં શાસ્ત્રોમાં ખૂબ હૃદયપૂર્વકના ભક્તિ ભાવથી ગુરૂનો મહિમા ગાવામાં આવ્યો છે. એમણે એમનો મહિમા ત્યાં સુધી ગાયો છે કે ગુરૂ એ ઈશ્વર છે અથવા તો પરમાત્માનું માનવ દેહધારી સ્વરૂપ છે. ગુરુ અને પરમાત્મામાં કોઈ ભેદ નથી.

આધ્યાત્મિક પથપ્રદર્શક કે ગુરૂ ખાસ કરીને હઠયોગના સઘન અભ્યાસમાં, આસનો, પ્રાણાયામો ને મુદ્રાઓના પદ્ધતિસરના અને સાચા શિક્ષણમાં, જરૂરી મનાય છે. આ વિષયોમાં ગુરૂના માર્ગદર્શન કે સૂચનાઓ વગર સાધક ઘણી મુશ્કેલીઓ, નિઃસહાયતા કે અડચણોનો અનુભવ કરે છે, જ્યારે ગુરૂ અમૂલ્ય સહાય આપીને એના માર્ગમાંનાં વિઘ્નો કે અડચણો દૂર કરીને આગળની પ્રગતિનો માર્ગ સરળ બનાવે છે. આ ઉપરાંત, એની શાસ્ત્રોની નિપુણતાને લીધે, ગુરૂ શિષ્યને શાસ્ત્રોના અર્થોનું જ્ઞાન સમજવામાં ને તેમાં પ્રવીણતા પ્રાપ્ત કરવામાં ઉપયોગી બને છે. ઘણીવાર



શિષ્યો કે સાધકો માટે, પ્રારંભની અવસ્થામાં, શાસ્ત્રનાં વિધાનોના સાચા અર્થ સમજવાનું કે યોગ્ય અર્થ કરવાનું, ગુરૂના માર્ગદર્શન વિના અશકય કે મુશ્કેલ બની જાય છે. કોઇક વિરલ વ્યક્તિને જ આવા અર્થો બીજા કોઇ બાહ્ય ગુરૂની મદદ સિવાય સમજવાની અસાધારણ દૈવી બુદ્ધિ પ્રતિભા પ્રાપ્ત થઈ હોય છે. બાકી મોટાભાગના આવા બીજા સાધકો માટે તો કોઇકની મદદની જરૂરિયાત રહેવાની.

આ ઉપરાંત, ધ્યાન અને ભક્તિની ઉચ્ચ અવસ્થાઓમાં આગળ વધવા માટે, જો કોઈ ગુરુ હોય તો, એનાથી મદદ મળે છે. તે સાધક કે ભકતને પ્રેરણા પ્રદાન કરે છે, પ્રકાશ ધરે છે ને પ્રોત્સાહિત કરે છે. આખરે તો સાધક જ્યારે પરિપૂર્ણતા પર પહોંચે છે ત્યારે પોતેજ પોતાનો ગુરુ બની જાય છે. એના પોતામાં રહેલી પરમ સનાતન ચેતના એની ગુરુ બનીને ડગલે ને પગલે ને હરક્ષણે એને દોરતી રહે છે. એને માટે પછી કોઇ બાહ્ય દોરવણીની આવશ્યકતા રહેતી નથી.

આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઇચ્છતા હર સાધકે પોતાની જાતનું પરીક્ષણ કરીને નક્કી કરવું જોઈએ કે એને પોતાને માટે કોઇ ગુરુની આવશ્યકતા છે કે નહિ અને હોય તો કયા હેતુ માટે છે. આ નિર્ણયના પરિણામે એને પોતાનો ગુરુ પસંદ કરવામાં સુગમતા થશે.

આધ્યાત્મિક ક્ષેત્રમાં એવું કહેવામાં આવે છે કે જ્યારે જરૂરિયાત ઊભી થાય છે ત્યારે આપોઆપજ ગુરુ પ્રગટ થાય છે કે આવી મળે છે. આ માટે સાધકે કે શિષ્યે ગુરુની પ્રાપ્તિ માટે ઇચ્છા, પ્રાર્થના ને પ્રયત્ન કરતા રહેવું જોઇએ. આમ કરતા રહેવાથી પ્રભુની કૃપાથી યોગ્ય સમયે ગુરુ

સાધકને આવી મળે છે. સાધકે આ માટે જરૂરી પૂર્વભૂમિકા ને પાત્રતા કેળવવી જોઇએ જેથી ગુરુનું દર્શન ને કૃપા પ્રાપ્ત થાય.

સાચા ગુરુ તો શિષ્યને પૂર્ણતાનો પંથ બતાવવાનું કામ કરે છે, પરંતુ એ પંથ ઉપર ચાલવાનું કામ તો શિષ્યે કરવાનું છે. એણે પોતાની ફરજ ખૂબ ઉત્સાહ, ભક્તિભાવ ને ખંતપૂર્વક બજાવવાની છે, કે જેથી કરીને તે અંતિમ પરમાનંદનો અનુભવ કરી શકે. આવા સાચા ગુરુ અને સત્યનિષ્ઠ શિષ્ય–દુનિયામાં વિરલ હોય છે, પરંતુ કોઈ કાળે પણ એમનો સંપૂર્ણ અભાવ હોતો નથી. દરેક કાળમાં, લોકોને પ્રેરણા ને પથપ્રદર્શન કરવા માટે આવા ગુરુ ને શિષ્ય આવતા જ હોય છે. એની પાછળ પ્રભુની મંગલમયી યોજના જ કામ કરતી હોય છે. એવા ગુરુ ને શિષ્યનો જય હો ! એમના ચરણોમાં અનેક પ્રણામ હો !

[ પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીના ગુરુ ઉપરના અંગ્રેજી લેખના આધારે. ]

—*—


તમારા વિચારો અને ચારિત્ર્યને બદલીને તમે આખોયે જીવન પ્રવાહ બદલી શકો છો. ધાર્મિક કાર્યોથી તમે સંત બની શકો છો.

**કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ**

શાંતિભાઈ કનેરીયા

**ઓઇલ એન્જીનના ઉત્પાદકો**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ૩૩૬૬૦




## ધૂન

જય જય યોગેશ્વર ગુરુદેવ !
જય જય મહાદેવ ગુરુદેવ !
શ્રદ્ધાભકિત ભરી દો પ્રેમે
જીવનપંથે આજે ...જય જય.

પાપ-ત્રિતાપથી રક્ષા કરવી
શરણાગતની છાજે
કૃપા કરીને દર્શન આપો
ભવ જળ તરવા કાજે ...જય જય.

દર્શન આપીને અપનાવો
સુંદર મિષ્ટ અવાજે,
મહોત્સવ કરે મનમંદિરિયું
દેવી ઝાંઝ-પખાજે ...જય જય.

—મા સર્વેશ્વરી

## રેણુ

રાધાજીના પાયે વળગી રેણુ રે,
પગને ખંખેર્યાં વ્રજમાંહ્ય.
વળતા વિરહે માધવ આવિયા
લેટયા પગલાંની માંહ્ય.
અમે રે ભીંજાયા હરિના આંસુડે.

તે દીથી ભીનાં તે ભીનાં રહી ગયાં,
તનમન ગળી ઓગળી જાય.
કોઇને લેતાં સુણીએ નામને
અમને નામી ભેટી જાય ...અમે રે.

અમે રે રેણુ સમજી જાતને
વળગ્યાં રાધાજીને પાય.
જાણ્યું ના ખંખેરાયાં તે સમે
કે રાધા સંતાયાં અમમાંહ્ય ...અમે રે.

અમમાં અમારાપણું એટલું
કે લીલા માધવની ગણાય.
બાકી તો રાધાજી જાણે એકલાં
શું શું મુકુન્દને થાય ...અમે રે.

—મુકુન્દ પારાશર્ય



# શ્રી રામચરિત માનસના અનોખા કથાકારની મુલાકાત

સંકલન:- હરિભાઇ ભોજાણી

[છેલ્લા આઠેક વર્ષથી ગુજરાતના જુદા જુદા સ્થળોએ શ્રીરામચરિત માનસની કથાઓ કરનાર મોરબીના સુપ્રસિદ્ધ 'સંસારી' સંત શ્રીદેવકરણભાઇ રાજા સાથેની આધ્યાત્મિક પ્રશ્નોત્તરી અત્રે આપી છે. આશા છે કે 'અધ્યાત્મ'ના વાચકોને તેમાંથી પ્રેરણા મળશે]

પ્રશ્નઃ-રામચરિત માનસમાં આપને રસ કયારથી અને કેમ ઉત્પન્ન થયો ?

જવાબઃ-બાલપણના સંસ્કારો માનવીના જીવનમાં ચિરંજીવ બની જાય છે તે મુજબ જ મારી સાતેક વર્ષની વયે હું ઘરના વડીલો પાસેથી રામચરિત માનસની ચોપાઈઓ ગાતાં શીખેલો. ત્યારે તદ્દન નાની ઉમર હોવા છતાં ચોપાઈઓ હું ખૂબજ રસપૂર્વક ગાતો, કંઠસ્થ કરતો અને તેનું જ રટણ કરતો; જો કે તેનો ભાવ સમજી શકતો નહિ.

પ્રશ્ન:- ત્યારે તો આપનો અભ્યાસ ઘણોજ ઓછો હશે ?

જવાબઃ-મારી સાત વર્ષની વયેજ મારા પિતાજીએ મને દુકાનમાં બેસાડી દીધો, જેથી દુકાનના સમયમાંથી ફુરસદ મેળવીને થોડો સમય માંડ અભ્યાસમાં આપી શકતો અને તેથી જ હું ફકત ગુજરાતી ચારજ ધોરણ સુધી ભણી શકયો.

પ્રશ્નઃ-આપને રામચરિત માનસની કથા કરવાની પ્રેરણા કોણે કરી ?

જવાબ:- ઘણાં વર્ષો પહેલાં મોરબીમાં રામચરિત માનસની કથા ચાલતી હતી. હું રોજ તેમાં હાજર રહેતો. તે

વખતે મોરબીના પ્રખ્યાત રામાયણકાર શ્રીનેણસીબાપા પણ ત્યાં હતા. મારા ગુરૂદેવ પૂ માધવાનંદજી બાપુ પણ ત્યાં ઉપસ્થિત હતા. હવે તે કથા દરમિયાન વ્યાસપીઠ ઉપર વકતાને થોડોક વિશ્રામ આપવાનું મને સૂચન થયું. હું તો ગભરાઇ ગયો. મે સ્પષ્ટ ના કહી. પણ મારા ગુરૂ શ્રીમાધવાનંદજી બાપુએ મારો હાથ પકડીને મને વ્યાસપીઠ પર બેસાડ્યો. ગુરૂ આજ્ઞા થઇ તેથી મારે બેસવું પડ્યું. મારી આવડત પ્રમાણે મેં કથાને આગળ ચલાવી. પછી તો રોજ મને થોડીવાર કથામાં બેસાડતા. ત્યાર પછી તો ઘણાં સ્થળોએ મેં એક દિવસ, બે દિવસ કે ત્રણ દિવસની કથાઓ કરી.

પ્રશ્નઃ-તો પછી રામાયણના નવાહ્ન પારાયણ ક્યારથી શરૂ કર્યાં?

જવાબઃ-મેં રામાયણનું સૌ પ્રથમ નવાહ્ન પારાયણ આજથી આઠ વર્ષ પહેલાં કચ્છના ભચાઉ શહેરમાં કર્યું. ત્યાર પછી તો સૌરાષ્ટ્ર કચ્છમાં ઘણાં શહેરો અને ગામડાંઓમાં પારાયણ કર્યાં જેમાં મુખ્યત્વે રાજકોટ, જામનગર, પાનેલી, જામજોધપુર, માંડવી, ધ્રાંગધ્રા, મોરબી વિગેરે ગણાવી શકાય આ સિવાય ઘણા ગામડાઓનાં નામો આપી શકાય.

પ્રશ્નઃ-જે સ્થળે આપ પારાયણ કરો છો તેનો હેતુ શું હોય છે?

જવાબઃ-લગભગ બધે જ સત્કાર્યમાં સહાયભૂત બનવા માટે જ આવી પારાયણ મારે કરવાની હોય છે; ક્યાંક મંદિર બંધાવવાનું હોય, ક્યાંક સત્સંગ-ભવન બનાવવાનું હોય તો ક્યાંક મંદિરનો જીર્ણોધ્ધાર કરવાનો હોય છે. ટૂંકમાં કથા દરમિયાનની તમામ આવક ત તે સ્થળના સત્કાર્ય માટે જ વપરાય છે. હું તેમાંથી કાંઈપણ ક્યારે ય લેતો નથી.

પ્રશ્નઃ-તો પછી આટલી બધી કથાઓ દ્વારા સમાજને ઘણીમોટી રકમ મળી હશે?



જવાબઃ-મેં અગાઉ કહ્યુ તે મુજબ છેલ્લા આઠેક વર્ષથી હું આવી પારાયણ કરું છું જેમાં મેં આજસુધીમાં કુલ ૧૦૭ પારાયણ કરી છે અથવા તો એમ કહો કે આ વિગત છપાશે ત્યારે મારી ૧૦૮ મી પારાયણ પૂર્ણ થઈ હશે. હવે આ બધી પારાયણો દ્વારા કુલ મળીને આશરે રૂપીયા દસેક લાખ જેવી રકમ સત્કાર્યમાં તે તે સંસ્થાઓને જનતામાંથી અપાવવા માટે હું ફકત નિમિત્ત બનેલ છું. જનતાનું ધન છે અને જનતાના કર્મમાં વપરાય છે. હું તો તેમાં માત્ર નિમિત્ત જ બનેલ છું.

પ્રશ્નઃ-આપનો નિત્યક્રમ શું છે?

જવાબઃ-વર્ષોથી હું સવારે ચાર વાગે ઉઠીને મોરબીથી ચારેક કી. મી. દૂરના શકિત માતાના ગામ શનાળા ફરવા જતો અને ત્યાં કૂવાના પાણીએ સ્નાન કરીને માતાજીના મંદિરની આરતીનાં દર્શન કરીને મોરબી પાછો ફરતો. પછી પ્રભાત કીર્તનમાં જતો. હાલ કથાના કારણે એ ક્રમ ફેરવીને પાંચ વાગ્યે ઊઠીને સવારે ૬ થી ૮ પૂજાપાઠ કરૂં છું. કથા પૂરી કરીને સાંજે પાંચ માળા કરીને પછીજ ભોજન લઉં છું. રાત્રે પ્રભુ સ્મરણ કરીને સૂઇ જાઉ છું.

પ્રશ્નઃ-કથા સિવાયની બીજી કોઇ સત્પ્રવૃત્તિ આપ કરો છો?

જવાબઃ-પ્રભુ કૃપાથી બીજી થોડીક સારી પ્રવૃત્તિઓ કરવામાં પણ હું નિમિત્ત બનેલ છું. ૧૯૭૦ થી દિવ્ય જીવન સંઘની મોરબી શાખામાં હું જોડાયેલ છું અને સેવા અને સ્મરણ કરવામાં હું સહાયભૂત બનું છું. સેવામાં ટીફીન યોજના, હોસ્પીટલના દર્દીઓને ફળો આપવાં, સેવ, મમરા, બીસ્કીટ અને જરૂરવાળાને દવાઓ આપવી વગેરે કાર્યો અમારા કાર્યકર્તાઓની મદદથી આજે પણ ચાલુ છે. આવા હોસ્પીટલના કાર્ય માટે વાર્ષિક રૂા. ૪૦૦૦/-નો ખર્ચ કરાય છે જે રકમ નક્કી કરેલા દાતાઓ પાસેથી નિયમિત રીતે મળી જાય છે.

આ ઉપરાંત દુષ્કાળના વર્ષોમાં ભાખરીદાન, રોટલા ઉઘરાવી ગરીબોને પૂરા પાડવા, અનાજ ઉઘરાવીને ગરીબોને વહેંચવું તેમજ અન્ય મદદ કરવી. આવી બધી પ્રવૃત્તિઓ પ્રભુ કૃપાથી થાય છે. ૧૮ વર્ષ પહેલાં મોરબીમાં અમે રોજ સવારે ૬ાા થી ૭ાા સુધી પ્રભાત કીર્તન ચાલુ કરાવેલ જે હજુ પણ ચાલુ જ છે.

પ્રશ્ન–આ કથાઓ દરમિયાન કોઈ વિશેષ ઉલ્લેખનીય બનાવ બનેલો ?

જવાબ–લોકો જેને ચમત્કાર કહે અને આપણે પ્રભુ કૃપા ગણીએ તેવા બનાવો કથા દરમિયાન ઘણીવાર બનતા. અગાઉ મેં કહ્યા મુજબ રોજ સવારે ૬થી૮ હું પૂજા પાઠ કરૂં છું. તેમાં ૬વાગે ઘીનો દીવો કરૂં. તેમાં એટલું ઘી પુરૂં કે જે આઠ સુધી લગભગ ચાલે. આઠ વાગે લગભગ રોજ દીવો ઓલવાઈ જાય અને પૂજા પણ પૂર્ણ થઇ જાય. હવે કેટલીક વખત એજ દીવો બપોરે બાર વાગે કથામાંથી આવું ત્યાં સુધી બળતોજ હોય એવું બનેલ છે. આનું નામ પ્રભુકૃપા.

વળી ત્યાં રાખેલ હનુમાનજીની છબીમાં મને ચેતન જ દેખાય છે. આ ઉપરાંત ક્યારેક ક્યારેક સૂતી વખતે કે ઉઠતી વખતે મને પ્રકાશનું દર્શન થાય છે. છેલ્લે ન માની શકાય તેવો પ્રસંગ છે. એક વખત સંબંધીના અવસાન અંગે હું સ્મશાનમાં ગયેલ ત્યાં અમે ચાર પાંચ ભાઈઓ બેઠા હતા. તે વખતે ઓચિંતી જ મારી નાસિકામાંથી ચંદનની સુવાસ આવવા લાગી. મારા સાથીદારોએ પૂછ્યું, પણ હું આની જાહેરાત કેમ કરૂં ? આ બધી વાતો ગુપ્ત છે. અત્યાર સુધી કોઇને કહી નથી. આપના પ્રત્યે પ્રેમભાવ હોવાથી બોલાઇ ગયું છે. બાકી કથાથી મને તૃપ્તિ છે. એક પ્રકારનો માનસિક આનંદ થાય છે અને જીવન ધન્ય બન્યાનો સંતોષ થાય છે.



# સાધનાપથે ડગ ભરતાં ભરતાં

ભાઈલાલભાઈ છાટબાર

**શરણાગતિઃ**–સાધક મંગળમૂર્તિ સદ્‌ગુરુના સંકેત અનુસાર સાધનામાર્ગમાં પગ મૂકે ત્યારથી જ દુન્યવી પ્રલોભનો-નો પ્રતિકાર કરવા માટેના સંઘર્ષ અને ગુરુચરણે શરણાગતિ વચ્ચે ગજગ્રાહ શરૂ થઇ જાય છે. ધ્યેયનો સ્પષ્ટ ખ્યાલ, ધ્યેય-પ્રાપ્તિ માટે પ્રચંડ પુરુષાર્થ કરતા મનની સુસ્થિર સ્થિતપ્રજ્ઞ અવસ્થા અને શકિતઓનું કેન્દ્રીકરણ–આ ત્રણ ચીજોમાં સફળતાની ચાવી રહેલી છે.

સાધક આશાવાદનો દીપક સન્મુખ રાખીને સત્કારપૂર્વકની સતત સાધનામાં ધીરજપૂર્વક ઝુકાવે છે. મનની વિશુદ્ધિ અને સંસ્કરણ તેને માટે જરૂરી ભૂમિકા પૂરી પાડે છે. તેના વિચાર-વૃત્તિનું શમીકરણ અને ઉર્ધ્વીકરણ થાય એવી સ્વસર્જિત સાધનાસૃષ્ટિમાં તે વિહરતો હોય છે.

**અનુશાસનઃ**–સાધક સમજે છે કે મન–ઇન્દ્રિયોને અંકુશ અને નિયમનમાં લાવવા માટે ધર્મના અનુશાસનની જરૂર છે. આમ સર્વ કોઇને અને સર્વ કાંઇને રક્ષણ આપનારા ધર્મને તે આત્મસાત કરી લે છે, જે નિરંકુશ અર્થ–કામ ઉપર અંકુશ રાખે છે અને વહેવાર–આચરણને સદાચારયુકત તથા સંતુલિત કરે છે.

**કસોટી-પરંતુ સમર્પણનો વિજયઃ**–સાધનાના એકલ પંથે પૈસો, પ્રતિષ્ઠા, પદવી વગેરેનાં પ્રલોભનો આવે છે પરંતુ સાધકના માર્ગમાં સાચા પથપ્રદર્શક તો સદ્‌ગુરુ અને પરમાત્મા બે જ હોય છે.

અવિચલિત શ્રદ્ધા, અખૂટ ધીરજ અને સાધનાનું સાતત્ય-આ ત્રણેયમાં સાધકની ક્ષમતાની કસોટી થાય છે. દિવસે વિસામો ના મળે તેવી વસતિમાં જઇ પહોંચવાનું અને ભૂલ્યા-ભટકયા પ્રવાસીની જેમ રાતવાસા માટે ભટકતા ફરવાનું—આવી બધી કપરી કસોટીઓમાંથી તેને પસાર થવાનું હોય છે. પરંતુ અણીને વખતે સમયસર સદ્‌ગુરુની સહાય મળી રહેતી હોય છે. આવા કટોકટીના પ્રત્યેક પ્રસંગે ઉપસ્થિત થતી પરિસ્થિતિમાં સાધકને પોતાનામાં રહેલ પ્રાણ-શકિત અને પ્રકાશને તો અંદરથી જ જગાડવાં પડે છે.

સંઘર્ષો વચ્ચે પણ સદ્‌ગુરુના ચરણે પવિત્ર સમિધની જેમ શરીર, મન, બુદ્ધિ, હૃદય અને પોતાના સમગ્રનું સર્વ પ્રકારે સમર્પણ કરી દેતાં છેવટે સમર્પણનો વિજય થાય છે.

**આત્મસત્તાની ઓળખ :** આવેશોનું પવિત્રીકરણ, વિચારોનું આધ્યાત્મીકરણ અને ઉચ્ચ આદર્શોનું અમલી-કરણ–સાધક માટે જરૂરી હોય છે. આત્મસત્તાને ઓળખી લેવાના લક્ષ્યબિન્દુ તરફ સાધકની શ્રેયયાત્રા ચાલતી હોય છે. શુદ્ધ નિરાકાર તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવું એ તેના જીવનની પરમ સાધના હોય છે અને તેમાં જ તે માનવજન્મની પરમ સાર્થકતા માને છે.

**શાશ્વત સુખની સંપ્રાપ્તિ :** સમગ્ર પ્રકારની દુન્યવી સંપત્તિમાંથી અન સંસારના સમગ્ર પદાર્થોમાંથી સાધકનું મન ઉપરામ થઈ જાય અને શાશ્વત પરમતત્ત્વમાં તેનું મન ખૂંપી જાય ત્યારે તેની આત્મચેતના પરમચેતનામાં પ્રવેશ પામી પરમ પદ તરફ ગતિ કરે છે. આત્મચેતનાના આ પ્રકારે થતાં અસીમ વિસ્તરણમાં કયાંય શોકસંતાપની છાયામાત્ર હોતી નથી. સાધક ત્યારે સર્વજ્ઞ, સર્વત્ર, સર્વ પ્રકારે સર્વ



પરિસ્થિતિમાં સુખનો અનુભવ કરે છે અને અન્યને સુખનો અનુભવ કરાવતો રહે છે. આ સાત્ત્વિક સુખાનુભૂતિ અને સુખપ્રાપ્તિનાં શુદ્ધ સાધનો આત્મા સાથે નિકટતા ધરાવતાં હોય છે, તેથી સાધકની સુખાનુભૂતિ સૂક્ષ્મ, સ્થિર અને વ્યાપક હોય છે.

**ક્ષમતાનાં લક્ષણ:**–સાધકના જીવનમાં ધૈર્યધારણા, નિઃસ્પૃહતા, બાહ્યાંતર પવિત્રતા, મન–ઇન્દ્રિય ઉપર વિજય, અપ્રતિહત બુદ્ધિપ્રતિભા, વિવેકપૂર્ણ વાણી–વર્તન અને નિર્વિકાર ચિત્તવૃત્તિ હોય છે. સાધકે વૃત્તિ–વાસનાના ઉદ્‌ભવસ્થાન મનને જ શાંત કરી દીધું હોય છે.

**ભીતર સત્યની ખોજ:**–સદ્‌ગુરુની દીક્ષાશિક્ષા પછી સાધકે શાસ્ત્રજ્ઞાન, તપ, દમ અને સત્સંગ દ્વારા પોતાની પ્રજ્ઞાકક્ષામાં વૃદ્ધિ કરવાની રહે છે ધન, મિત્રો અને બંધુગણથી કોઈ શ્રેય સધાતું નથી. શારીરિક ક્લેશ દૂર થવાથી અને અને તીર્થસ્થાનમાં નિવાસ કરવાથી પણ શ્રેય સધાતું નથી. સાચા શોધકો ભીતરમાં જ સત્યની ખોજ કરે છે. કેવળ 'ચિત્' શકિતમાં–નિમગ્ન બની–વિલીન થઈ જવાથી જ પરમ પદ પ્રાપ્ત થાય છે. સાધકના જીવનમાં સત્પુરુષ–સમાગમ, સેવા અને પ્રભુભજન એ ત્રણ લહાવા છે.

**ગુરુશક્તિ:**–સદ્‌ગુરુને સ્વયં હરિ એટલે ભગવાન માનીને સેવવા જોઇએ. સમગ્ર જીવન નહિ પણ તેની કોઈ એક ધન્ય ઘડી જ ઉત્થાનની, પુરુષાર્થની અને પરોપકારની હોય છે. ગુરુપ્રાપ્તિની સુભાગી ક્ષણ પણ આ પ્રકારની છે. તે ક્ષણને મૂલવી, આયુષ્યની મર્યાદા સુધીની શરીરયાત્રામાં જીવી જવી એ પરમ ભાગ્ય છે. સાંપડેલ આ ક્ષણ પરિવર્તન–બિન્દુ બની રહે તો સાધનામય જીવન જીવતાં આવડયું ગણાય. સાધક

અપેક્ષારહિત, અહંકારરહિત અને પ્રેમપૂર્ણ બને છે ત્યારે તે તેની પાછળ ઊભેલી સદ્ગુરુની મહાશક્તિનો અનુભવ કરે છે અને તેને સર્વ પ્રકારે શુભની પ્રાપ્તિ થાય છે ..જીવનના પ્રત્યેક દિવસ-રાત પછી ચિન્મય ચિરંતન જ્યોતિથી પરિપૂર્ણ બની જાય છે અને મનને પ્રકાશથી પ્રકાશિત કરવાની પ્રાર્થના એક દિવસ ફળે જ છે. આત્મતત્ત્વ જ્યારે પરમાત્મ-તત્ત્વ સાથે પૂર્ણ અદ્વૈત સાધે છે ત્યારે જ તેની સત્ય અને પ્રેમ તથા-પ્રકાશપ્રાપ્તિની જન્મજન્માંતરની યાત્રા પૂરી થાય છે. પરમ સત્ય, ચિરંતન પ્રકાશ અને પ્રેમનું પ્રસન્નસુંદર સુખ-એ ત્રણેયની ઉપલબ્ધિ એટલે અમૃત-પ્રાપ્તિ કે અમરતા.


## વિજય ચંપલ માર્ટ

પ્રો. વિજયકુમાર જી. ચાવડા
વડવા પાદર દેવકી રોડ, ભાવનગર-૩૬૪૦૦૧
આધુનિક તથા અવનવી ડીઝાઇનમાં
હાથ બનાવટના છુટક ચંપલ વેચનાર

## વિજય ફુટવેર

પ્રો. ગીરધરભાઈ શામજીભાઈ
વડવા પાદર દેવકી, ભાવનગર. ૧




# ગંગાના પુનિત પ્રવાહમાં પૂ.શ્રીનાં અસ્થિઓનું વિસર્જન

સહયાત્રી

નર્મદા મૈયામાં સુરલી સંગમ ખાતે પ. પૂ. શ્રી યોગેશ્વરજીનાં પવિત્ર અસ્થિઓના વિસર્જનનો સામુહિક કાર્યક્રમ ખૂબ સફળ થયો તેના અનુસંધાનમાં પ. પૂ.માશ્રી સર્વેશ્વરીએ ગંગા મૈયા પરનાં પવિત્ર તીર્થો હરિદ્વાર, ઋષિકેશ અને દેવ-પ્રયાગ ખાતે પણ પૂ.શ્રીનાં અસ્થિ પધરાવવાનો સંકલ્પ કર્યો.

પ.પૂ.માએ પોતેજ એ માટે સાધકોનાં નામોની યાદી બનાવી અને જે તે સાધક ભાઈ બહેનોની સંમતિ મેળવી લીધી. જેમને અનુકૂળતા હતી, તેઓ જોડાયાં. નહોતી તેમના સ્થાને બીજા લેવાયા.

આ માટે વડોદરાથી દિલ્હી જવા માટે તા. ૧૧મેનો દિવસ નક્કી કરવામાં આવ્યો. પૂ માના સૂચનને શ્રીજીતુભાઇ ગાંધીના પરિવારે સહર્ષ સ્વીકારી લીધું. ઉનાળાની રજાઓ હોવાથી લગભગ ૩૦ જેટલા સાધકો માટે એક સાથે, એકજ ગાડીમાં રીઝર્વેશન મેળવવાં ખૂબ મુશ્કેલ હતાં. છતાં પૂ.શ્રીની કૃપાથી એ કામ પાર પડી ગયું.

તા ૧૧ મેના રોજ યાત્રામાં જોડાનાર મોટા ભાગના સાધકો વડોદરા ભેગા થયા. પ. પૂ.શ્રીના અસ્થિનું પૂજન શ્રી વિજયભાઇ પુરોહિતે કરાવ્યું. શ્રી બાબુભાઇ વોરા ને શ્રી જીતુભાઇ ગાંધીએ બધા જ સાધક ભાઇબહેનોની ઉપસ્થિતિમાં શાંતિપૂર્વક પૂજન કર્યું.

શ્રી જીતુભાઈએ બધા જ યાત્રીકો માટે સાદા ભોજનની સુંદર વ્યવસ્થા ખૂબ ભાવપૂર્વક કરી. એકાદસીવાળાઓ માટે ફરાળની વ્યવસ્થા ઉપરાંત બહારગામથી ટ્રેઇનમાં સીધા આવનાર ભાઈઓ માટે પૂ.માની સૂચના પ્રમાણે ડબાઓની વ્યવસ્થા પણ ખાસ કરવામાં આવી.

પ. પૂ. મા. શ્રી જીતુભાઈના પરિવાર સાથે રાજધાની એકસપ્રેસમાં ન્યુ દિલ્હી વહેલાં પહોંચી ગયાં. પ. પૂ. માના ઉપવાસો ચાલુ હતા. તે દિવસે ૫૪ મો ઉપવાસ હતો. એમાંના કેટલાય ઉપવાસો કેવળ પાણી પરના હતા. એટલે શારીરિક અશકિત હોય છતાં પૂ. ગુરુદેવના આ પવિત્ર કાર્યમાં ખૂબ પ્રેમ ને શ્રદ્ધા ભક્તિપૂર્વક તેઓ જોડાયાં.

આ સિવાય બે સાધકો અમદાવાદથી સીધા વિમાનમાં દિલ્હી આવ્યા. ન્યુ દિલ્હીના સ્ટેશને કુલ ૪૧ સાધકો ભેગા થયા, તેમાં ૨૦ જેટલી બહેનો હતી.

ન્યુ દિલ્હીથી હરિદ્વારનો પ્રવાસ દિલ્હી ટુરીઝમની સ્પેશિયલ લક્ઝરી બસમાં કરવામાં આવ્યો. બસમાં સતત "શ્રી યોગેશ્વર ભગવાનકી, જય બોલો સર્વેશ્વરી માતકી"ને ૐ યોગેશ્વર, ૐ યોગેશ્વર, ૐ યોગેશ્વર પાહિ મામ્‌। શ્રી યોગેશ્વર શરણં મમ, વગેરે ધૂનો ચાલતી રહી.

યાત્રામાં પૂ.માની એક વિશેષતા. તેઓ પૂ.શ્રીનો અસ્થિકુંભ પકડે અથવા તેઓશ્રીનો ફોટો હાથમાં રાખે, ત્યારે પગમાં ચંપલ કે બીજુ કંઇ પહેરે નહિ, એવો પવિત્ર ભાવ. હરિદ્વારના પ્રવાસમાં સતત દોઢ કલાક બસમાં ઊભાં ઊભાં પૂ. માએ ખૂબ પ્રેમપૂર્વક મધુર ભાવવાહી કંઠે ધૂન બોલાવી. એના મધુર પડઘા ઝડપથી દોડી જતી બસમાંથી બહારના



વાતાવરણમાં દૂર દૂર સુધી ફેલાઈ જતા. સમગ્ર વાતાવરણને એક અનોખી પવિત્ર મંગલ ધ્વનિથી ભરી દેતા.

હરિદ્વાર પહોંચ્યા ત્યારે રાત્રિના અગિયાર થઇ ગયા હતા. બધીજ ધર્મશાળાઓ ભરેલી હતી. આમ છતાં, આર્યનિવાસના મેનેજરશ્રી અમૃતલાલભાઈ પંડયાને અગાઉથી પત્ર લખેલ, તેના પરિણામે મોડી રાતે પણ તેઓએ ખૂબ પ્રેમપૂર્વક બધાજ ભાઈઓને તાત્કાલિક ઉતરવાની સગવડ કરી આપી. તેઓ ખૂબ સેવાભાવી ને સરળ સ્વભાવના જણાયા. તેઓ પૂ.શ્રીના પરિચયમાં થોડાં વર્ષોથી આવેલા, તેથી તેઓ પ્રત્યે ખૂબ ભક્તિભાવ રાખતા તેથી બધા સાધકોને સરળતા થઇ. એમાંય સાધકોને પૂ.શ્રીની કૃપાનુંજ દર્શન થયું.

બીજે દિવસે સવારે ૭-૩૦ કલાકે હરિદ્વારની હરકી પેડી ઉપર બધાજ સાધક ભાઇ બહેનો સ્નાનવિધિ પતાવી, પવિત્ર વસ્ત્રો ધારણ કરી હાજર થઇ ગયા. અહીં પણ પૂ.માની સૂચના પ્રમાણે સાધકોના પાંચ વિભાગો પાડી, શાસ્ત્રોક્ત વિધિથી અસ્થિકુંભનું પૂજન શ્રી વિજયભાઈ પુરોહિતના હાથે કરાવ્યું. પછી એક એક વિભાગના હાથે અસ્થિઓ ઉપર દૂધનો અભિષેક-પુરુષસૂકતના શ્લોકો બોલતાં કરાવી, શ્રી યોગેશ્વર ભગવાનકી જયના ઉદ્‌ઘોષ સાથે ગંગામૈયામાં એમનું વિસર્જન કર્યું. વર્ષો સુધી પોતાના પવિત્ર તટે વસીને જે મહાપુરુષે-પ્રભુનો મહિમા ફેલાવવા માટે પોતાની જાત ઘસી નાંખી હતી એવા પોતાના પનોતા સંતપુત્રનાં અસ્થિને પોતાના પ્રવાહમાં સમાવતાં ગંગામૈયા પણ જાણે પુલકિત બની ગઈ !

અહીં આવેલી કેટલીક બહેનોના મનમાં એવો વિચાર ઉદ્‌ભવ્યો કે "પૂ.શ્રીનાં અસ્થિ વિસર્જનનું કાર્ય કેવળ

પુરુષોત્તજ કરે ? અમો એમાં શું ભાગ ન લઇ શકીએ ?" આ બહેનોના મૂંગા સંકલ્પનો સંદેશો જાણે પૂ.માના મનને પહોંચી ગયો. એમણે એકદમ સૂચના આપી" ચાલો, અસ્થિનો આ છેલ્લો ભાગ સહુ બહેનો સાથે મળી પૂજન કરી, વિસર્જિત કરે." બધીજ બહેનો આ સાંભળી આનંદ વિભોર બની ગઇ. ગંગાના પ્રવાહમાં ઊભાં રહી, સહુ બહેનોએ પોત પોતાના ભાવ પ્રમાણે હૃદયની અંજલિ આપી, પૂ.શ્રીનાં અસ્થિને ગંગા મૈયામાં વહેતાં કર્યાં. પ.પૂ.માએ બધી બહેનોની ભાવના પૂરી કરવા, એક નવી પરંપરા સરજી એમજ ને !

અસ્થિ વિસર્જન પ્રસંગે દીપો પ્રકટાવી પુષ્પોથી ભરેલા ૪૨ જેટલા દળિયાઓને ગંગામાતાના પ્રવાહમાં તરતા મૂકતાં એક સુંદર દૃશ્ય ખડું થયું. પૂ.શ્રીનાં અસ્થિને જાણે કે સાધકોએ દીપોનો હાર પહેરાવી-પૂ.શ્રીનું પૂજન કર્યું ન હોય ! પૂ.શ્રીના ફોટાને પણ ગંગાના પવિત્ર જલથી પૂ.માએ સ્નાન કરાવ્યું- જાણે કે પૂ.શ્રી જીવંત હોય એવા ભાવથી.

અસ્થિવિસર્જન પછી સ્નાનવિધિ પતાવી ગીતાપાઠ તેમજ પૂ.શ્રીની આરતી વગેરે ભક્તોએ ભાવપૂર્વક કરી.

તા. ૧૩ મીનો આખો દિવસ હરિદ્વારમાં રોકાઇ, સાધકો તા. ૧૪મીએ ઋષિકેશ પહોંચ્યા.

મોટાભાગના સાધકોએ પૂ.શ્રીએ જે ધર્મશાળામાં પ્રારંભના સાધનાત્મક દિવસોમાં મૅનેજર તરીકે સેવા આપેલી, તે દેવકીબાઇની ગુજરાતી ધર્મશાળામાં ઉતરવાનું પસંદ કર્યું. બીજા સાધકો ને પૂ.મા 'ઇન્દ્રલોક'માં ઉતર્યાં પૂ.શ્રી છેલ્લા બેત્રણ વર્ષોથી ઋષિકેશમાં આ હોટેલના જે કમરામાં ઉતરતા, એજ કમરામાં પૂ. માએ ઉતારો રાખ્યો.



ઋષિકેશના ત્રિવેણી ઘાટ ઉપર તા. ૧૫-૫-૮૪ના રોજ સવારે અસ્થિકુંભનું પૂજન પૂ.શ્રીના દેહરાદૂનના પ્રેમી ભક્ત શ્રી લલિતાપ્રસાદજીના હાથે કરાવ્યું. પૂજન પછી ગંગાના પ્રવાહમાં સાધક ભાઇ બહેનો બે વિભાગમાં વહેંચાઇને ઊભાં રહી ગયાં. શ્રી લલિતાપ્રસાદજીએ ખૂબ શ્રદ્ધાભક્તિપૂર્વક પૂજન કર્યાં પછી અસ્થિકુંભને લઇને ગંગા મૈયાના પ્રવાહમાં પ્રવેશ કર્યો, ને સાધક ભાઇ બહેનોની પુષ્પાંજલિ ઝીલતાં છેવટે અસ્થિઓને દૂધ વડે પ્રક્ષાલન કરી, પ્રવાહમાં વહેતાં કર્યાં.

આ સમયે એક અપૂર્વ ઘટના બની.

પૂ.શ્રીના અસ્થિકુંભનું પૂજન ત્રિવેણીઘાટ ઉપર ચાલતું હતું ત્યારે બેત્રણ અપરિચિત બહેનો પણ-બહેનોની પાસે આવીને બેઠી. તેમાંની એક બેન ખૂબ પ્રભાવશાળી લાગતી હતી. તેમણે પણ પૂ.શ્રીના ફોટાને તેમજ અસ્થિકુંભને પ્રણામ કરી પુષ્પાંજલિ અર્પણ કરી, ને પછી ગંગામાં સ્નાન કરી તે બહેન પાછી આવી. તેના કેશ ખુલ્લા હતા. તેણે બંગાળી ઢબે સાડી પહેરી હતી. એની આંખો ચમકવાળી ને ભાવવાહી હતી. તેણે પૂ.મા પૂ.શ્રીના ફોટા પાસે કિનારે બેઠાં હતાં ત્યાં આવી ખભે સાડીનો છેડો નાંખી પૂ.શ્રીને તો અતિભાવપૂર્વક પ્રણામ કર્યા, પરંતુ પૂ.માને પણ જમીન સુધી મસ્તક અડાડી પ્રણામ કર્યા. આ વખતે એની આંખ ભીની બની ગઇ. એવું લાગ્યું જાણે 'મા જગદંબા સ્વયં' પૂ.શ્રીને અંજલિ આપવા આ સ્વરૂપે આવ્યાં ન હોય ! છેવટે ઊભા થઇને, તેણે પોતાના હોઠો ઉપર બે આંગળી મૂકી એવું સૂચવ્યું કે તેને મૌન છે. પછી તે ધીરે પગલે ચાલી ગઇ ! તે કોણ હતી. પૂ.શ્રીને ઓળખતી હતી કે કેમ ને અત્યારે કેવી રીતે આવી ચઢી, એ બધા જીજ્ઞાસાપૂર્ણ પ્રશ્નો અનુત્તર રહ્યા ને એ ચાલી ગઇ !

તે દિવસ વૈશાખી પૂર્ણિમાનો હતો. ભગવાન બુદ્ધના જન્મનો. સાંજે ત્રિવેણી ઘાટ ઉપર પૂ.મા તેમજ બધાજ સાધક ભાઇબહેનોએ પુ.શ્રીની પવિત્ર ભસ્મનું વિધિપૂર્વક પુજન કર્યું ત્યારે આકાશમાં પૂર્ણિમાનો ચંદ્ર પર્વત પાછળથી નીકળી, શાંત દૃષ્ટિથી જાણે આ પવિત્ર ક્રિયા નિહાળી રહ્યો હોય એમ લાગતું. પુ.માના આદેશ મુજબ દરેક સાધકને પૂ શ્રી વિષે વારાફરતી બોલવાનું થતું. તેમાં તે દિવસે ચારેક સાધકો બોલ્યા. પૂ.શ્રીનાં વર્ષોથી પરિચિત શ્રીપરમાત્મદેવી પણ તે વખતે ખાસ હાજર હતાં.

બીજે દિવસે પૂ.શ્રીની સાધનાભૂમિ–દેવપ્રયાગના સંગમ ઉપર અસ્થિવિસર્જન કરવાનું હતું. અહીં અલકનંદા ને ભાગિરથીનો સુંદર સંગમ થાય છે. બન્ને પ્રવાહો ખૂબ જોરથી વહે છે. સાંકળ પકડ્યા સિવાય પ્રવાહમાં જો ઉતર્યો તો ગયાજ સમજો.

એક ખાસ બસમાં બધા યાત્રીઓ સવારે ૧૦ વાગે દેવપ્રયાગ પહોંચી ગયાં. શ્રીલલિતાપ્રસાદજી તેમના પરિવાર અને ભાઇ સાથે જોડાયા. તેઓ પોતાના મિત્રની ગાડી દેહરાદૂનથી ખાસ લાવ્યા હતા. પરંતુ તેમાં તેઓએ ન બેસતાં પૂ માને પૂ.શ્રીના અસ્થિકુંભ સાથે આગ્રહ કરી બેસાડ્યાં અને પોતે સપરિવાર બસમાં બધા સાધકો સાથે બેઠા. કેવી નમ્રતા! પૂ.મા પ્રત્યે કેવો અદ્દભૂત ભકિતભાવ!

દેવપ્રયાગનો સંગમ રસ્તાથી ખૂબ નીચેના ભાગમાં છે. અંતર પણ લગભગ એકાદ કીલોમીટર જેટલું. ભાગિરથી ઉપરનો ઝૂલતો પૂલ પસાર કરીને જવાનું. અહીં પ્રવાહપટ સાંકડો છે, એટલેજ એ ખૂબ વેગવાળો છે, ને તેનો ધ્વનિ દૂર દૂર સુધી સંભળાય છે.



પૂ.મા અસ્થિકુંભ લઈને અને શ્રીભરત પૂ.શ્રીની છબી લઇને ખુલ્લા પગે સંગમ ઉપર બધા સાધકો સાથે પહોંચ્યા. અગાઉની જેમજ અહીં પણ અસ્થિકુંભનું પૂજન વગેરે કરી, વિસર્જન કરવામાં આવ્યું. અહીંના પંડાઓ પાસે પણ પોતાનાં સદ્દગત સગાંસ્નેહીઓના સંકલ્પો કરાવી, સાધકોએ દક્ષિણા આપી સંતોષ્યા. ખૂબ પ્રેમપૂર્વક બધાજ સાધકોએ આ પવિત્ર સંગમના પુનિતપ્રવાહમાં પોતાની જાતને ઝબોળી ધન્યતા અનુભવી ને પૂ શ્રીને શ્રદ્ધાંજલિ ધરી.

પૂ. શ્રી સર્વેશ્વરીમાનુ હ્રદય આ પ્રસંગે લાગણીથી ખૂબ ભરાઇ આવ્યું. આજ સંગમ ઉપર અગાઉ બેત્રણ વખત પૂ શ્રી સાથે આવવાનું થયેલું. ત્યારે કેવો આનંદ હતો! જ્યારે આજે એજ સંગમ છે, છતાં કેવા નિમિત્તે આવવાનું પ્રભુએ કર્યું! પ્રસંગ ખરેખર કરુણ લાગતો. એની છાયા બધાજ સાધકોના મુખ ઉપર પણ દેખાતી.

ગીતાપાઠ ને પુ. શ્રીની સ્તુતિ કરી, સંગમ ઉપરથી નીકળ્યા ત્યારે લગભગ સાડાબાર થઇ ગયા હતા. માથા ઉપર ઉનાળાની ગરમી લાગતી હતી, તો નીચેના પત્થરો પણ એટલા જ તપેલા હતા. હવે પૂ. શ્રીના ફોટાને તેમ જ પવિત્ર ભસ્મને લઇને ખુલ્લા પગે પૂ. શ્રીના આશ્રમ સુધી ચઢવું એ કપરું કામ હતું. પૂ. માના ઉપવાસનો તો ત્યારે ૬૦ મો દિવસ હતો. ને સંગમ ઉપરથી કુટિયા સુધીની ચઢાઇ સીધી હતી ને કોઇ સરખો રસ્તો ન હતો. હતો માત્ર પર્વત પરની કેડી એટલે બહેનો માટે ચઢવાનું ખૂબ કપરુ લાગે એવું હતું.

આમ છતાં પૂ.મા, શ્રી ભરત ને ભાઇ અજય ત્રણે જણા ખુલ્લા પગે–પૂ. શ્રીના ફોટા ને ભસ્મ સહિત–બધાજ

સાધકોની સાથે સરળતાથી ચઢી ગયાં! પૂ. મા તેમજ આ બે છોકરાઓના આત્મબળ વિષે બધાંને ખૂબ આશ્ચર્ય થયું. એમણે પ્રત્યુત્તરમાં એટલુંજ કહ્યું "ગુરુદેવની કૃપાએ કરીને ચઢી જવાયું." અમને થયું એમનાં પગના તળિયે જરૂરથી ફોલ્લા પડ્યા હશે. પરંતુ બીજા દિવસે જોયું તો કશુંજ થયું ન હતું. એને પ્રભુકૃપા માનો કે શ્રદ્ધાનો ચમત્કાર જે ગણો તે.

પૂ. શ્રીની મૂળ કુટિયાના સ્થળે તો હાલ પાકી કુટિયા બાંધવામાં આવી છે; તે બંધ હતી. પરંતુ કુટિયાની ઉપર ફેલાયેલું આંબાનું ઝાડ એનું એજ છે. પૂ. શ્રીની સાધનાનું મૂક સાક્ષી બની એવું જ ઊભેલું છે ને પાસેની શાન્તા નદી આજે સાંકડી બનીને ઝરણારૂપે વહી રહી છે. એ દેવપ્રયાગનો પર્વત, એ આંબાનું ઝાડ ને શાન્તા નદી–ત્રણે જણાંએ પૂ શ્રીની આકરી તપસ્યા જોઈ છે, તે સિવાય એ સાધનાના જીવંત સાક્ષી સમા વૃદ્ધ શ્રી ભગતરામજી તેમજ શ્રી રામપ્રસાદ કોટિયાળ પણ ત્યાં આવી ચઢયા. એમણે પૂ.શ્રીના સાધનાના દિનોની કેટલીક વાતો કહી.

શ્રી ભગતરામજીએ બધાજ સાધકોને ઉનાળાની ગરમીમાં ઠંડું સાકરવાળું પાણી પીરસી તૃપ્ત કર્યા.

દેવપ્રયાગની કુટિયાની એ પવિત્રભૂમિનો સ્પર્શ ને એ પવિત્ર વાતાવરણનાં પરમાણુઓ આજે પણ સાધકોને શાંતિપ્રદ લાગ્યાં. વાતાવરણની એ અદ્ભુત શાંતિ ને ચેતના અંતરના અંતરતમને જાણે સ્પર્શ કરી ઝંકૃત કરતાં હોય એમ અનુભવાયું. ઘડીભર એમ લાગ્યું કે પૂ.શ્રી સૂક્ષ્મરીતે આ વાતાવરણમાં ભળી જઇ એને જીવંત બનાવી રહ્યા છે. એમની સૂક્ષ્મ ઉપસ્થિતિ અત્યારે પણ અહીં છે.



પૂ.માએ ખૂબ ભાવપૂર્વક પૂ.શ્રીની ધૂન બોલાવી. શિવમહિમ્નનો પાઠ, તેમજ આરતી વગેરે પછી, પૂ.શ્રીની પવિત્ર ભસ્મને પૂ.માએ જેજે સાધકોએ માગણી કરેલ તેમને આપી–સાથે સાથે દેવપ્રયાગની સાધના ભૂમિની પવિત્ર માટીય. આ પવિત્ર ભસ્મ પૂ.શ્રીના સ્થૂલ અવશેષની ઉપસ્થિતિ રૂપ તેમજ સંસારની નશ્વરતાની પ્રબોધક એટલે દૈનિક પૂજામાં રાખવાની.

પૂ.શ્રીના સાધનાકાળ દરમ્યાન પ્રેમપુર્વક સેવા કરનાર પંડા શ્રી રામપ્રસાદજીને પૂ માએ ને સાધકોએ સ્વેચ્છાએ દક્ષિણા આપી; તેથી તેઓ ગદ્‌ગદિત થઇ ગયા.

દેવ પ્રયાગની એ પવિત્ર કુટિયાની માટી લઇ, ઉપરથી ધીમેથી નીચે ઉતર્યા ત્યારે ઘડિયાળમાં ત્રણ થયા હતા. બધાજ સાધકોએ સવારથી કંઈજ લીધું ન હતું. એટલે બધાંને કંઇ ને કંઇક ખાવાની ઈચ્છા થાય એ સ્વાભાવિક હતું. પરંતુ પુ.માએ તો નીચે ઉતરીને કેવળ પ્રથમવાર જ પાણી પીધું. એમનો પુ.શ્રી પ્રત્યેનો ભાવ, સમર્પણ, શ્રદ્ધા, તપ ને તિતિક્ષા ખરેખર અદ્ભૂત છે; એની પ્રતીતિ બધા સાધકોને થઇ.

પુ શ્રીની સ્મૃતિઓને વાગોળતા ને એમની ધૂન બોલતા જ્યારે દેવપ્રયાગથી વિદાય થયા ત્યારે ખરેખર એવું લાગ્યું કે પૂ.શ્રીથી આજે જાણે છૂટા પડીને જઇ રહ્યા છીએ!

જીંદગીના એક અવિસ્મરણીય યાત્રા પ્રસંગની ધન્યસ્મૃતિને હ્રદયમાં સાચવીને પર્વતમાળાના એ ચઢાણોને અમે ઉતરવા લાગ્યા.

*——*——*

# શ્રી. જયાબેને જીવી જાણ્યું

તંત્રી

જીવનમાં સત્સંગનો અભ્યાસ અંત સમયે કેવી રીતે ઉપયોગમાં આવે છે તેનું એક સુંદર દૃષ્ટાંત શ્રીમતી જયાબેન જયંતીલાલ ઘીવાળાના અવસાન સમયે નજરે જોવામાં આવ્યું. શ્રી. જયાબેન ઘણાં વર્ષોથી મુંબઈની શ્રીમદ્ ભગવદ્ગીતા પાઠશાળા, પ્રેમકુટિર તથા પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભુવનમાં સ્વાધ્યાયનાં સત્સંગી હતાં. આ ઉપરાંત સંત મહાત્માઓનાં પ્રવચનો કે રામાયણ ભાગવત્‌ની કથાઓમાં તેઓ અચૂક હાજરી રહી, કથાશ્રવણ ખૂબ ધ્યાન ને પ્રેમથી કરતાં.


તેઓએ પોતાની માંદગીના છેલ્લા દિવસોમાં સંસારની માયા છોડી, ઈશ્વરના સ્મરણમાં પોતાનું મન જોડી દીધું. તેઓ સતત શ્રી કૃષ્ણ: શરણં મમ મંત્રના જપ, સ્તોત્રપાઠ કે ગીતાના શ્લોકોનું સ્મરણ કર્યાં કરતાં. પરિણામે એમનો મરણનો ભય જતો રહેલો. તેઓ કહેતાં 'આત્મા તો અમર છે ને આ શરીર તો નાશવંત છે. એટલે શરીરરૂપી જૂના વસ્ત્રો ત્યજી નવાં વસ્ત્રો ધારણ કરવાની ક્રિયા એટલે મરણ. એનો વળી ભય કેવો ને શોક શો ?

તેઓ પ. પૂ. શ્રી યોગેશ્વરજીના પરિચયમાં છેક સને ૧૯૬૬થી આવેલાં. તેઓશ્રી ઉપર એમને ખૂબ પ્રેમ અને શ્રદ્ધા. પૂ.શ્રી યોગેશ્વરજીનો જન્મદિન ૧૫મી ઓગસ્ટ તેઓ પોતાને ઘેર ઉજવતાં અને ઘણા બધા સત્સંગી ભાઈબહેનોને આમંત્રતાં. આવાં શ્રી જયાબેનનો સ્વર્ગવાસ માત્ર ૫૮ વર્ષની



વયે થયો. એમના પતિ શ્રી જયંતીભાઈ પણ પૂ.શ્રીના પ્રેમી ભક્ત છે. એમના જીવનમાં આવાં ધાર્મિક જીવનસાથીની ખોટ ન પૂરાય એવી છે. પરંતુ મૃત્યુ એ અનિવાર્ય છે. એટલે માણસે તેને સ્વીકારવુંજ રહ્યું. જયાબેને તો જીવી જાણ્યું. તેઓ આપણને જીવવાનો રાહ ચીંધી ગયાં.

*



હરિદ્વારની ગંગાજીની હરકી પેડી પર પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનાં અસ્થિવિસર્જન માટે મુંબઈ, સેલ્વાસા, સુરત, કપુરા, વડોદરા, વિદ્યાનગર, અમદાવાદ, ગાંધીનગર, પાલનપુર, ભાવનગર, રાજકોટ, મોરબી વગેરે શહેરોનો એકત્રિત થયેલ ભક્ત સમુદાય. આ યાત્રામાં કુલ ૪૨ ભાઈબહેનો હતાં.

# સાક્ષાત્કારી સાચા સંત-શ્રીયોગેશ્વરજી

ભગવાન પરમાર

અત્યાર સુધીના જીવનમાં આપણે અનેક પ્રવચનકારોને સાંભળ્યા છે. એમાંના ઘણા સંતો હતા તો ઘણા સ્વામીઓ. ઘણા પંડિતો હતા તો ઘણા શાસ્ત્રીઓ હતા. ઘણા પોતાના પંથના પ્રચારકો હતા તો ઘણા સ્વસંપ્રદાયના સંચાલકો પણ હતા. એ બધા પ્રવચનકારો આપણી આધ્યાત્મિક ઉન્નતિ માટેજ આપણને સમજાવતા રહ્યા છે અને આપણે એ સ્વીકારવું પડશે કે એ સૌને સાંભળવાથી આપણને અવશ્ય લાભ થયો છે.

ધર્મશાસ્ત્રના આધારે તેઓ ઈશ્વર વિષે પણ ખૂબજ સુંદર વાતો કરે છે અને તેનો સાક્ષાત્કાર શી રીતે થાય તે પણ આપણને સચોટ રીતે સમજાવે છે. અરે ! એટલુંજ નહિ પણ તેમના શાસ્ત્રજ્ઞાન અને સમજાવાની રીત પર આપણે ફીદા થઇ જઈએ એમ પણ બને છે. આમ છતાં, તેમણે પોતે ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો છે કે નહિ, તે વિષે આપણે સાવ અજાણ રહી જઇએ છીએ. કારણ પોતાના સાક્ષાત્કાર બાબતમાં તેમના તરફથી કશો ઉલ્લેખ થતો નથી કે કશો સંકેત મળતો નથી.

પરંતુ એનો અર્થ એવો નથી થતો કે સાક્ષાત્કારી પ્રવચનકારો યા લોકોનો અભાવ છે. એવા લોકો પણ આપણી આજુબાજુમાં કે વચમાં જીવતા હોય છે. બનવા જોગ છે કે એવા લોકોને ઓળખી શકવા આપણે અસમર્થ હોઈએ.

સાક્ષાત્કારી લોકોને આપણે સંત તરીકે ઓળખીએ છીએ.



સંત વિષેની મારી માન્યતા કંઈક આવી છેઃ-

“ સંત એટલે ઈશ્વરદર્શન કે આત્મસાક્ષાત્કાર કે “હું” ની સાચી ઓળખ કરનાર યાને જાતિ, અને સંપ્રદાયથી પર એવા પરમ સત્યનો અનુભવ કરનાર ધાર્મિક માણસ.”

સંતની મારી માન્યતાને ચરિતાર્થ કરે એવા માણસનાં મેં શ્રી યોગેશ્વરજીમાં દર્શન કર્યાં એટલું જ નહિ, પણ પોતાની અનુભવસિદ્ધ વાણી દ્વારા જનતાને તેનું ભાન થાય તેવો પ્રયત્ન કરનાર થોડા સંતોમાંના તેઓ એક હતા, એમ પણ મને લાગ્યું.

પ્રથમવાર મારે જ્યારે એમને સાંભળવાનો પ્રસંગ પ્રાપ્ત થયો, ત્યારે એમના પ્રવચનનો વિષય હતો “સાક્ષાત્કાર અને સાધના”. એ વિષય ઉપર સરલ અને સરસ ગુજરાતીમાં સમજાવતાં તેમણે કહેલું કે તેઓ જે બોલે છે તે વાંચેલું કે સાંભળેલું નહિ, પણ અનુભવેલું છે. તેમણે એમ પણ કહેલું કે સાકાર અને નિરાકાર એમ બન્ને રીતે તેમણે ઈશ્વરનો સાક્ષાત્કાર કરેલ છે અને નરેન્દ્રના (સ્વામી વિવેકાનંદના) પ્રશ્નના ઉત્તરમાં જે સહજતાથી શ્રીરામકૃષ્ણ પરમહંસે ઈશ્વરને જોયાની વાત કરી હતી, તેવી જ સહજતાથી શ્રી યોગેશ્વરજીના મુખે સાક્ષાત્કારની વાત સાંભળવા મળી.

કિશોરાવસ્થામાંથી જ એમને ઈશ્વરદર્શનની લગન લાગેલી. હિમાલયમાં આકરૂં તપ અને પ્રખર સાધના કરી એમણે ઈશ્વરનો સાક્ષાત્કાર કરેલો.

એમની રહેણીકરણી સાદી હતી. પોતે ગાંધીજીની ખાદી અપનાવેલી. એમના જીવનની જરૂરિયાતો પણ ખૂબજ ઓછી હતી. એમની વાણી વર્તનમાં એકતા હતી. સ્વભાવે પોતે નમ્ર ને વિવેકી હતા.

એમના નિકટના પરિચયમાં આવતાં મને લાગ્યું કે એમને કોઇ પંથ પ્રસ્થાપિત કરવો નો'તો કે કોઈ સંપ્રદાય સ્થાપવો નો'તો. એમનું પોતાનું કોઈ નિશ્ચિત રહેઠાણ પણ નો'તું. લોકસંગ્રહની ભાવનાને વરેલા તેઓ સદા ફરતા રહેતા.

પોતે કોઈ શિષ્ય બનાવવાની ભાંજગડમાં એ પડતા નહિ. આમ છતાં જિજ્ઞાસુઓને તેમની રૂચિને અનુકૂળ યોગ્ય માર્ગદર્શન સાથે ધર્મનું સાચું રહસ્ય સમજાવી તથા સાધનાની પોતીકી પદ્ધતિયે બતાવી, શાંતિ અને સુખ પ્રાપ્ત કરાવવામાં સહાયકારક થવારૂપ પોતાની નૈતિક ફરજ પણ ચૂકતા નહિ.

પ્રસ્થાનત્રયી યાને વેદધર્મના પાયારૂપ ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર અને ગીતા એ ત્રણ પરનાં એમનાં પુસ્તકો ભારતીય આધ્યાત્મિક વારસાનું અનોખી ઢબે પ્રતિપાદન છે.

એમણે જે પોતાની આત્મકથા લખી છે તેનું નામ છે 'પ્રકાશના પંથે.' એ એક અદ્‌ભુત કલ્યાણકારી ગ્રંથ છે, અધ્યાત્મમાર્ગના પ્રવાસીઓએ એ ખાસ વાંચવા જેવું છે.

યોગેશ્વરજી કેવલ ભારતમાં જ નહિ પરંતુ ભારત બહાર પણ જનસમુદાય અને સંતસમાજમાં આદરણીય સ્થાન ધરાવતા પ્રખર તત્ત્વદ્રષ્ટા અને પૂજનીય સંત હતા.

મહાત્મા યોગેશ્વરજીની સૌમ્યમૂર્તિ મારા અંતરમાં એવી જીવંત અંકિત થઈ છે કે એમના દેહવિલયના સમાચાર મારૂં મગજ રજીસ્ટર કરતું નથી.

'સાધનામાંથી' સાભાર લેસ્ટર યુ. કે.



# પ્રશ્નોત્તરી

સંકલન : પૂ. મા સર્વેશ્વરી

પ્રશ્નઃ–આપણને ભગવાનમાં વિશ્વાસ ન હોય પણ ગુરુમાં વિશ્વાસ હોય તો ગુરુને જ ઈશ્વર માનીને સાધના કરીએ તો તે ફળે ખરી?

પૂ. શ્રીઃ–એવી સાધના થઇ શકે. ગુરુને પરમાત્માનું રૂપ માનીને ભજી શકાય. ગુરુમાં દૃઢ નિષ્ઠા રાખો. મહર્ષિ પતંજલિએ પણ કહ્યું છે કે ગુરુમાં ભગવદ્‌ભાવ રાખી ગુરુનું ધ્યાન ધરી શકાય. વળી, તુલસીદાસે પણ કહ્યું છે. "બંદૌ ગુરુ પદપંકજ, કૃપાસિંધુ નરરૂપ હરિ." ગુરુમાં શ્રદ્ધા રાખો તોજ કંઈ મળશે. પૂર્વગ્રહથી પીડાઇને આપણે ગુરુ પાસે જઇએ તો કંઇજ ન મળે. ગુરુનો બાહ્ય દેખાવ, પહેરવેશ કે વર્તન વિષે શંકા કરીને શ્રદ્ધા ન ગુમાવો. અડગ શ્રદ્ધા રાખો તો જ કલ્યાણ થશે.

પ્રશ્નઃ ગુરુને ઈશ્વર માનીએ તો દર્શન કરવા કેવી પ્રાર્થના કરવી જોઇએ?

પૂ. શ્રીઃ–પ્રશ્ન એ છે કે તમે ગુરુને ઈશ્વર માનો છો તો પછી દર્શન કરવાના કોનાં રહ્યાં? પણ ગુરુને પ્રાર્થના કરો કે તમારું સાકર સ્વરૂપનું તો હું દર્શન કરું છું, પણ તમારું મૂળ નિરાકાર કે દિવ્ય સ્વરૂપ છે, તેનું દર્શન કરાવો. ભગવાનને જે જે પ્રાર્થના કરો તે તે પ્રાર્થના ગુરુને પણ ભગવદ્ રૂપ માનીને કરી શકાય. તમારી પ્રાર્થનામાં ગુરુની કૃપાથી મદદ મળશે જ. શ્રદ્ધા ભક્તિથી કરેલી પ્રાર્થના નકામી જતી નથી.

પ્રશ્નઃ-ગુરુ પ્રાર્થના સાંભળે ખરા ?

પૂ. શ્રીઃ-હા, પ્રાર્થના જરૂર સાંભળે. કદાચ ગુરુ શકિતશાળી ન હોય તો પણ ગુરુ પાછળ જે શકિત કામ કરી રહી છે તે શકિત તમને ગુરુના સેક્રેટરી બનીને જવાબ આપશે. ગુરુનો સ્વાંગ ધારીને તે શકિત જવાબ આપશે ગુરુ પથ્થર જેવા હોય તો પણ, તે શકિત તમને માર્ગદર્શન આપશે.

પ્રશ્નઃ-ગુરુની કૃપા મેળવવા શું કરવું જોઇએ ?

પૂ. શ્રીઃ-ગુરુની કૃપા મેળવવા અરજી તો કરવી જ પડે. આપણા જપ વધે, આપણી પવિત્રતા વધે તો ગુરુકૃપા થાય અને ગુરુ-કૃપાની વર્ષા પણ થાય. ગુરુકૃપા મેળવવા થોડી તૈયારી કરવી પડે. આપણે ઉંધાજ કામો કરીએ તો ગુરુકૃપા કયાંથી થાય ? સારા બનવું અને સારા કામ કરો. આ બેજ વાતો જીવનમાં વણો તો ગુરુકૃપા વરસવી શરૂ થશે.

પ્રશ્નઃ-જન્મોજનમ એક જ ગુરુ મેળવવા શું કરવું જોઇએ.

પૂ. શ્રીઃ-જન્મોજનમ એક જ ગુરુદેવ મળે તેવી જીવનભર ભાવના રાખો અને પ્રાર્થના કરો કે “હે, ગુરુદેવ મને ન છોડશો. મેળામાં જેમ બાળક છૂટું પડી જાય અને મા-બાપ તેને ફરી શોધી લે તેમ હે ગુરુદેવ, મને પણ ટપલી મારીને ફરી પકડી લેજો. કૃપા કરીને તમે મને ન છોડતા.” આવી આવી પ્રાર્થના કરો તો તમને જનમોજનમ તે જ ગુરુની ભક્તિ મળે. બીજા જન્મે સંસારના મારા આ સગા મળો એવી પ્રાર્થના ના કરશો. આપણી ગુરુભકિતની તથા જ્ઞાન પ્રાપ્તિની પ્રાર્થના ભગવાન મંજુર રાખે છે. ગુરુ જન્મોજનમ એક જ આપો એવી પ્રાર્થના કરો, એનાં કરતાં હે પ્રભુ ! મને ગુરુ બનાવો. મારી જાતના ગુરુ તો બનાવો જ પણ બીજાને પણ માર્ગ ધરી શકું, એવો ગુરુ બનાવો, એવી પ્રાર્થના કરોને.



# સદ્‌ગુરુ તો ભાગ્યશાળીને જ મળે.

ગૌતમ બી. ભટ્ટ

‘ગુરુ બિન કૌન બતાવે વાટ ?’ આપણા શાસ્ત્રોએ ગુરુનો મહિમા ગાતાં યોગ્ય જ કહ્યું છે કે આજના કળિયુગમાં સદ્‌ગુરુનું શ્રદ્ધાપૂર્વક શરણ લેવાથી અજ્ઞાનનું આવરણ દૂર થાય છે અને અધ્યાત્મ માર્ગે આગળ વધવામાં મનુષ્યને તે મદદરૂપ થાય છે. આજના જમાનામાં જ્યાં ગલીએ ગલીએ ઉપદેશકો અને ગુરુઓ જોવા મળે છે. ત્યાં સિદ્ધ મહાત્મા સદ્‌ગુરુરૂપે મળવા મુશ્કેલ છે. તેમ છતાં તેઓ મળે છે ખરા ભલે અલ્પ પ્રમાણમાં હોય, પરંતુ પુણ્યશાળી આત્માઓને તેમનો મેળાપ કોઈ ધન્ય પળે અવશ્ય થઇ જાય છે.

સદ્‌ગુરુનું આસન ખુબ જવાબદારીવાળું છે. અનુભવી ગુરુના અભાવથીજ શિષ્યોનું પતન થાય છે, તે વાત ભૂલવી જોઇએ નહી. તેથીજ ગુરુના પદનો સ્વીકાર કરવો તે તો ખાંડાની ધાર પર ચાલવા જેવું છે. સાચી વાત તો એ છે કે જેમનામાં સદ્‌ગુરુ થવાની પૂર્ણ યોગ્યતા હોય તેમને શિષ્યો બનાવવાની ઇચ્છા છે કે જરૂર રહેતી નથી. ભકતો ભલે મનથી તેમને ગુરુ તરીકે સ્વીકારે, તેમાં તેમને વાંધો પણ નથી હોતો-હોઈ શકે પણ નહી; કારણ કે આવા સદ્‌ગુરુ માનવ કલ્યાણ માટે જ પોતાનું સમસ્ત જીવન વ્યતીત કરતા હોય છે. સિદ્ધ મહાપુરુષોનું આચરણ જ આદર્શ સત્કર્મ અને તેમની સહજ વાણી જ ઉપદેશ બની જતી હોય છે. અલબત્ત, આપણામાં તે સમજવાની ક્ષમતા હોવી જરૂરી છે. સિદ્ધપુરુષોના હૃદયમાં શુદ્ધ સત્ત્વભાવ હોય છે. અને તેમની બધી જ ક્રિયાઓમાં સત્ત્વગુણની પ્રબળતા જોવા મળે છે,

તેથીજ તેમના દ્વારા જે કંઇ કહેવાય, તે બધુજ સમાજ માટે કલ્યાણકારક નીવડે છે. તેઓ જ્યાં રહેતા હોય ત્યાંનું વાતાવરણ, અને પરમાણુઓને ય પવિત્ર બનાવે છે.

કેટલાક લોકોમાં એવી ગેરસમજ જોવા મળે છે કે સિદ્ધ મહાત્મા હંમેશાં મૌન રાખતા હોય છે. વાસ્તવમાં તે સાચુ નથી, કારણ તેવો કોઇ નિયમ નથી હોતો. લશ્કરમાં જેમ ભૂમિદળ અને હવાઈદળની સેવાઓની સરખામણી થઇ શકે નહિ, કારણ બન્ને પોતાની ભૂમિકાએ રહી ફરજ અદા કરે છે. તેવું જ સિદ્ધપુરુષોનું સમજવાનું છે. કોઇ ઉપદેશક પણ હોય અને કોઈ મૌન ધારણ કરતા હોય. બંનેના દ્વારા છેવટે તો માનવોનું કલ્યાણ જ થાય છે. ઈશ્વરની ઇચ્છા પ્રમાણે જરૂર લાગે તો કોઈ સદ્‌ગુરુ ધર્મોપદેશ કરતા હોય છે, તો વળી કોઇક પોતાની અજ્ઞાતકૃપાથી ભકતોના હૃદયમાં શક્તિનો સંચાર કરે છે, જેમના પ્રતાપે તેમના સઘળા સંશયો નષ્ટ થઈ જાય છે. એ વાત સાચી છે કે સિદ્ધપુરુષો હંમેશા ખપ પૂરતું જ બોલતા હોય છે. તેમની સંકલ્પશકિત એવી પ્રબળ હોય છે કે પોતાની કરુણાદૃષ્ટિથી અને અંતરની શુભ ભાવનાથી એક શબ્દ બોલ્યા વગર પણ ભકતોનું કલ્યાણ કરી શકે છે.

સદ્‌ગુરુ કે સિદ્ધ મહાત્માને ઓળખવાનું કામ પણ ખૂબ કપરુ છે. કેટલીકવાર લોકો બાહ્ય દેખાવથી અંજાઈ જતા જોવા મળે છે; તો કોઇકવાર વાણીના પ્રભાવમાં ખેંચાઇ જતા હોય છે. પરંતુ આકર્ષક ભાષા અને શબ્દોનું સૌંદર્ય તે વ્યાખ્યાન કલાની ચીજ છે, તે કલાની સાથે હૃદયના શુદ્ધ ભાવોનો સંયોગ હોય તો તે અસરકારક બને છે. તે ઉપરાંત જેમના ઉપદેશમાં ધન, કીર્તિ, માન અને પૂજાને માટે



પોતાનો જરાપણ સ્વાર્થ ન હોય, જેઓ ચુસ્તપણે અપરિગ્રહમાં માનતા હોય અને જેમના ઉપદેશમાં દંભાચરણ લેશમાત્ર જોવા મળતું ન હોય તેનો લોકો પર વિશેષ પ્રભાવ પડે છે.

કમનસીબે આપણા દેશમાં સાચા હીરાનું જોઇએ તેટલું મૂલ્ય આંકવામાં આવતું નથી, જેમનામાં કાંઈ નથી હોતું અથવા થોડુંઘણું હોય તેવા ફક્ત વાણીના પ્રભાવે ઠેર ઠેર પૂજાતા જોવા મળે છે. ગાડરિયા પ્રવાહ જેવી સ્થિતિ છે. સિદ્ધપુરુષોને તો કોઈ પોતાને ઓળખે કે સાંભળે તેની પડી જ નથી હોતી. તેમને જે કાર્ય કરવાનું છે તે તો તેમના જન્મથી જ નક્કી થઇ ચૂકયું હોય છે, અને તે માનવ-કલ્યાણનું કાર્ય અવિરતપણે ચાલુ જ રહે છે. જે લોકો તેમના લાભથી વંચિત રહી જાય છે, તેઓ કમનસીબ છે. આવા મહાત્મા ભગવદ્‌કૃપાથી પ્રાપ્ત થાય છે. જેમને આવા સિદ્ધપુરુષોનાં દર્શન ગુરુભાવે કરવાની ઇચ્છા હોય તેમણે ઈશ્વર સમક્ષ કરુણાભાવે રડવું જોઇએ. ભગવાનની કૃપા થતાં તેમની પ્રેરણાથી એવા મહાત્મા ગુરુરૂપે આપોઆપ મળી જશે.

યોગેશ્વર પરિવારના બધાજ ભાઇ–બહેનો આ બાબતમાં ભાગ્યશાળી છે, તેમ હું માનું છું. પૂજ્ય મહાત્માજી અત્યાર સુધી સ્થૂળરૂપે આપણી સાથે રહ્યા. હવે સૂક્ષ્મરૂપે પણ આપણી સાથે જ છે. તેમણે ચીંધેલા માર્ગે આગળ ચાલવાની ઈશ્વર આપણને શકિત આપે તેવી પ્રાર્થના કરીએ.

# પરમ પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીએ સંસ્થાપેલ સર્વમંગલ ચેરિ-ટેબલ ટ્રસ્ટ તરફથી પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહનું બાંધકામ અંબાજી ખાતે કરવાનો નિર્ણય થયો છે. વળી ત્યાં સાધકોને એકાંતવાસ માટે સાધના કુટિરોનું આયોજન પણ થશે.

વિશ્રામગૃહમાં એક ફરનીસ્ડ ઓરડાનો ખર્ચ રૂા. પચ્ચીસ હજાર અંદાજવામાં આવ્યો છે, જે ભાઈ બહેનો તેમાં એક ઓરડા પેટે વ્યક્તિગત કે સંયુક્ત રીતે મદદ મોકલાવવા માગતા હોય અથવા વિશ્રામગૃહના નિર્માણકાર્યમાં બીજી નાની છુટક મદદ કરવા માગતા હોય તેમણે તે મદદ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના નામના બેંક ડ્રાફ્ટથી કે રોકડ રકમથી કે મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલાવવા વિનંતી છે.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ
C/o શ્રી બાબુભાઈ વોરા,
૩૧, ગવર્મેન્ટ સરવન્ટસ સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ. ૩૮૦ ૦૦૯

આ કાર્ય માટે પરદેશના તેમજ ભારતના સાધક ભાઈબહેનો તરફથી પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી તથા શ્રી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટને છેલ્લા એક માસમાં જે મદદ મળી છે, તેની વિગત નીચે પ્રમાણે છે.

૨૬૬૫૧-૫૦ શ્રી મોહનભાઈ એસ. પટેલ, બોલ્ટન ઈંગ્લેન્ડ.
૬૦૦૦ રમણભાઈ ડાહ્યાભાઈ ભક્ત
મણીબેન ડાહ્યાભાઈ ભક્ત (રૂા. ૨૫૦૦૦ પૈકી)



૨૦૦૨-૦૦ શ્રી ઉમિયાબેન તથા હસુબેન વી. પટેલ સુરત.
૧૦૦૧-૦૦ શ્રી સૂર્યકાન્તભાઈ લક્ષ્મીરામ ભટ્ટ, ભાવનગર.
૫૦૧ સ્વર્ગસ્થ ગંગાશંકર જગજીવન પંડયા, ખીરસરા
૫૦૧ ગં. સ્વ. સવિતાબેન ગંગાશંકર પંડ્યા. ,,
૫૦૧ શ્રી ચંદ્રકાન્ત ગં. પંડયા, ખીરસરા.
૫૦૧ શ્રી હરસુખભાઈ ગ. પડયા, રાજકોટ.
૫૦૧ શ્રી જયરામભાઈ કણઝારિયા, ભાવનગર.
૫૦૧ શ્રી ચીમનભાઈ હરિલાલ પટેલ, ભાવનગર.
૨૫૧ શ્રી દુષ્યંતભાઈ એ. દવે, અમદાવાદ.
૨૫૧ ડૉ. જયાબેન દુષ્યંતભાઈ દવે, અમદાવાદ
૧૦૨ છુટક મદદ બે સાધકો તરફથી ભાવનગર.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટને છેલ્લે મળેલ મીટિંગમાં વિશ્રામ-ગૃહના બાંધકામના ટેન્ડરની મંજુર કરવામાં આવ્યું છે અને જુલાઈ ૮૪ માં બાંધકામનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે.

## નવા આજીવન સભ્યો

અધ્યાત્મના નવા નોંધાયેલ આજીવન સભ્યો નીચે પ્રમાણે છે.
૩૭૦ શ્રી જયપુર ગુજરાતી સમાજ લાયબ્રેરી, જયપુર.
(શ્રી પ્રભુદાસ હળવદિયા, મોરબી તરફથી રૂા. ૨૫૧
૩૭૧ શ્રી મધુસૂદન કાલીદાસ ભક્ત, વાવ. રૂા. ૨૫૧
૩૧૨ શ્રી નાથાલાલ કાળીદાસ શાહ. વડોદરા. રૂા. ૨૫૧

## સુધારો

જૂન, ૮૪ના અંકમાં ૬૪મા પાના ઉપર અનુક્રમ નં ૩૬૮ સામે જે દર્શાવવામાં આવેલ છે તે વિગત આ પ્રમાણે વાંચવી.
નં ૩૬૮ શ્રી કનેજડા સાર્વજનિક પુસ્તકાલય મુ. પો કનેજડા તા શિહોર રૂા. ૨૫૧
(શ્રી વિનુભાઈ છગનભાઈ અમીન, વરણામાવાળા તરફથી)

# પ્રકાશના પંથે

## [શ્રી યોગેશ્વરજીની આત્મકથા]

સંક્ષેપ : દિપક પ્ર મહેતા

દક્ષિણેશ્વરમાં પ્રવેશ્યા પછી સાધના માટેનો મારો તલસાટ ખૂબ ખૂબ વધી ગયો. નવરાત્રીના દિવસો હતા. માની કૃપાએ દિવસોમાં સહેલાઇથી થઇ શકે. પરંતુ રામકૃષ્ણદેવને પ્રકટરૂપે જોવાની મારી ઇચ્છા હતી. માનુ આકર્ષણ ગાઢ ન હતું. રામકૃષ્ણદેવ પ્રકટ થઈ વિવેકાનંદની જેમ દીક્ષા આપે તો સમાધિ ને પૂર્ણતામાં વિલંબ ન લાગે, એવી મારી વિચારધારા તે વખતે હતી.

આજે વિચાર કરતાં મને મારી એ વિચારધારામાં રહેલી કચાશ જણાઇ આવે છે. રામકૃષ્ણદેવ પાસે દીક્ષા જેવી નાની વસ્તુ માગવાની હોય? તે તો માણસને પૂર્ણ કે સિદ્ધ બનાવી શકે. 'મા'ના સંબંધમાં પણ તેવું જ છે. પરંતુ તે વખતે હું એટલોજ વિચાર કરી શક્યો હોઇશ, એટલે દક્ષિણેશ્વર યાત્રાનો પૂરો લાભ મને મળી શક્યો નહિ. નહિ તો ૧૯૪૫માંજ પૂર્ણતા પ્રાપ્ત થઇ જાત. પણ ઇશ્વરનાં બધાં કામો યોગ્ય સમયે જ થાય છે ને?

બીજા દિવસે સવારે રામકૃષ્ણદેવ કે મા જગદંબા મને દર્શન દે પછી જ હું અન્નજળ ગ્રહણ કરીશ એવો વિચાર કર્યો. આ હઠાગ્રહ ન હતો, પરંતુ પ્રેમ ને તલસાટની પરાકાષ્ટાના ભોગનો હતો. એનો વિચાર કરી રામકૃષ્ણદેવના ઓરડાની બહાર બેસી ભજન લખવા માંડ્યો. થોડીવારમાંજ પુલિનબાબુ ને એમનાં પત્ની આવ્યાં. મેં તેમને જણાવ્યું કે આજે જમવાનો વિચાર નથી. જમવું હશે ત્યારે જણાવીશ.



ભજન ગાતાં મારી આંખ છલકાઇ જતી હતી. પેલાં બન્ને ભકતાત્મા પણ સામે બેઠાં બેઠાં સાંભળતાં હતાં. ભજન પ્રેમ ને વિરહનું હતું. તે પુરૂં લખીને મેં પુલિનબાબુના સામું જોયું તો તેમની પત્નીની બાજુમાં એક કુમારી બેઠેલી. એની ઉમ્મર વીસ વરસની હશે. શરીર ખૂબ ગોરૂં ને સુંદર હતું. મુખાકૃતિ ખૂબ જ લાવણ્યમયી. તેણે સફેદ વસ્ત્ર પહેર્યું હતું. વાળા છુટ્ટા ને ભીના હતા. તે કયારે અને કઇ બાજુથી આવીને બેઠી તે ખબર પડી નહિ. યાત્રાળુઓમાંથી કોઇક હશે એમ મેં માન્યું. કરૂણ પ્રાર્થનાવાળુ મારૂં ભજન સાંભળીને પેલી બેનની આંખમાંથી આંસુની ધારા વહેવા માંડી; તે જોઇ મને આશ્ચર્ય થયું. તે મારી તરફ એકીટસે તાકી રહેલી.

પ્રભુ માટે કોણ વધારે રડે છે તેની શું હરિફાઈ છે? ત્રણેક ભજન સંભળાવી, હું ઊઠ્યો. પંચવટી પાસે જઇને ભજન અને પ્રાર્થના કરવાનો મારો વિચાર હતો.

પુલિનબાબુ પણ વિદાય થયા. પંચવટી પાસે ઓરડીના ઓટલા ઉપર રામકૃષ્ણદેવનો ફોટો સામે રાખી હું પ્રાર્થના ને જપ કરવા માંડ્યો; ત્યારે દસેક વાગ્યાનો સમય હશે.

ત્યાં તો પેલી પ્રેમની મૂર્તિ જેવી બેન ફરી આવતી દેખાઇ. આ વખતે તેના હાથમાં એક નાની ડોલ હતી. મેં તેના અદ્‌ભુત સૌંદર્યને જોઇને મનોમન નમસ્કાર કર્યા. સ્ત્રીનાં હાડમાંસને જોવાને બદલે એમાંથી નીકળતા ઈશ્વરી પ્રકાશને જોતાં શીખવું જોઈએ. ને તેને પવિત્રને પૂજ્યભાવે નમવું જોઈએ. મારી એ લાંબા વખતની ટેવથી મને ખૂબ ફાયદો થયો છે. જે સ્ત્રીમાં ઈશ્વરી અંશ જુએ છે તેને એનાથી ડરવાનું કોઇ કારણ નથી.

તે બેને પાસે આવીને જમીન પર ડોલ મૂકી, ગળા ફરતો સાડીનો છેડો વીંટીને ઘુંટણ પર પડી, નીચે માથું અડાડી

મને નમસ્કાર કર્યા. પછી મારી પાસે નીચે જમીન પર બેસી ગઈ.

બે મિનિટ તે એમ જ બેસી રહી. મારા મુખ તરફ તે જોયા કરતી ને એની આંખમાંથી આંસુ ચાલ્યાં જ જતાં હતાં.

આ બેન કોણ હશે ? તેનો પ્રેમ કેટલો બધો છે ? એવા વિચારો સાથે હું રામકૃષ્ણદેવને પ્રાર્થના કરતો હતો ત્યાંજ એ બોલી ઊઠી : બાબા, આપતો બહુત દૂરસે આતે હેં ન ? મેં કહ્યું : 'હા'.

આ બેનની હિન્દીભાષા ખૂબજ સરળ ને સાચી હતી, તેથી મને નવાઇ લાગી; કારણ અહીંના લોકો મોટાભાગે અંગ્રેજી કે ભાંગીતૂટી હિન્દીજ બોલતા. ફરી તે બેને કહ્યું "ઇસસે તો આપકા દેવપ્રયાગ અચ્છા હૈ. આપ દેવપ્રયાગમેં હી રહિયે. પહિલે યહ સ્થાન બડા અચ્છા થા લેકિન અબ તો બિગડ ગયા હૈ. યહાં રહના અચ્છા નહીં હૈ." મને થયું હું દેવપ્રયાગથી આવું છું તે આ બેને કેવી રીતે જાણ્યું ? કદાચ પુલિન બાબુએ કહ્યું હશે. એ બેનની વાત સાચી હતી કારણ કે હવે દક્ષિણેશ્વરના સ્થાનનો ઉપયોગ સાધનાને બદલે લોકો એકાંત પ્રેમાલાપો માટે કરતા. પરંતુ મારો વિચાર અહીં રહેવાનોજ હતો. એટલે જ્યારે તે બેને પૂછ્યું : "બાબા ક્યા આપ યહીં રહેંગે ?" તો મેં કહ્યું, "વિચાર તો ઐસા હૈ". પછી ઉમેર્યું, "કુછ દિન યહાં રહૂંગા, ફિર જૈસી પ્રભુકી ઇચ્છા".

હજી પણ તે બેનની આંખો ટપકયા જ કરતી હતી. શા માટે તે રડે છે તે મને સમજાયું નહિ.

"બાબા, ક્યા હમેં ભી દર્શન હોગા ?" તેણે પૂછ્યું.



મેં કહ્યું : ક્યોં નહીં હોગા ? તુમ્હારા પ્રેમ ઇતના અધિક હૈ તો દર્શન જરૂર હોગા. પ્રેમ હોતા હૈ તો દર્શન ભી જરૂર હોતા હૈ."

હવે તે વધારે રડવા માંડી. તેની વાણી ખૂબજ મીઠી હતી. તેણે કહેવા માંડયું : 'લેકિન ઉન્હોને મુઝે બહુત ઘુમાઈ. મથુરા, વૃન્દાવન, હરિદ્વાર, ઋષિકેશ, સબ જગહ ઘુમાઈ, પરંતુ અભી તક દર્શન નહીં દિયા.'

મને થયું આટલી નાની ઉમ્મરમાં ઈશ્વરદર્શનની ધૂનમાં આ બેન કેવી રીતે ફરી હશે ? મેં કોણ જાણે કયા ભાવમાં મારી થેલીમાંથી મારો જ એક ફોટો કાઢી બતાવતાં કહ્યું. "દેખો યહ કૈસા હૈ ?

તેણે તુરત જ કહ્યું 'યહ તો ઠીક હૈ. લેકિન ઉસી રુપમેં મુઝે દર્શન ચાહિયે.'

મેં કહ્યું:–ઐસા દર્શન ભી હો જાયગા. પ્રેમ હોને પર સબકુછ હોતા હૈ.

એ બધા સમય દરમ્યાન એનાં આંસુ ચાલુ હતાં. તેણે ડોલમાંથી પડિયો કાઢ્યો તેમાં ચાર રસગુલ્લા હતાં. તે ઉપરાંત લીલું નાળિયેર કાઢયું ને મારી સામે ધર્યું, મેં કહ્યું "આજ તો ભોજન કરનેકા વિચાર નહીં હૈ."

"મેં તો પ્રેમસે દેતી હું આપકો લેનાહી પડેગા."

એનો પ્રેમભાવ જોઇ મેં રામકૃષ્ણના ફોટા આગળ બધો પ્રસાદ મૂકવા જણાવ્યું.

'આપ સબકી રોટી ખાતે હૈ ?' તેણ પૂછ્યું.

"જો પ્રેમસે દેતે હૈ ઉન સબકી રોટી ખા લેતા હૂં."

તેણે કહ્યું "અચ્છા મૈ કલસે ઇસી જગહ પર રોટી લાયા કરૂંગી."

મેં પૂછ્યું: 'આપ કહાં રહતી હૈ?'

તેણે તુરત ઉત્તર આપ્યો. મેરા મકાન યહાં હાંસ દરવાજે કે નજદીક હિ હૈ મેં યહાં પર રોજ આયા કરતી હૂં.

એમ કહી તેણે ફરીવાર ગળે સાડીનો છેડો વીંટીને મને નમીને પ્રણામ કર્યા. પછી ધીરેથી ડોલ લઈને ચાલવા માંડી. તેની મધુરતા. સુંદરતા ને લાગણી અંતરમાં અંકિત થઈ ગઈ.

પછી મને વિચાર આવ્યો કે એ બેનનું સરનામું પૂછી લીધુ હોય તો સારૂં. એમ વિચારી મેં ઊઠીને આસપાસ તપાસ કરી, પણ તે ક્યાંય દેખાઈ નહિ. મને થયું એટલામાં એ ક્યાં ગઈ!

થોડીવાર પછી એક માણુસ આવ્યો. તેને મેં રસગુલ્લાનો પ્રસાદ આપી દીધો. જેના ભાગ્યમાં હોય તે જ તેને મળે. મને તેનો પ્રસાદ લેવાનું પણ ના સૂઝ્યું.

સાંજે પુલિનબાબુ આવ્યા, તેમને મેં તે કુમારી વિષે પૂછ્યું. ત્યારે તેમણે કહ્યુ કે કાલે એવી કોઈ સ્ત્રી અમારી પાસે આવી જ નથી. છેવટ સુધી અમે બે એકલાંજ હતાં.

વાતને મેં વધારે ના લંબાવી. હવે હું સમજ્યો. એ પછી બેત્રણ દિવસે અચાનક દેવપ્રયાગ પાછા ફરવાનો મને વિચાર થયો, ને હું દેવપ્રયાગ આવ્યો ત્યારે મને એક દિવસ પ્રેરણા થઈ કે તે બેન બીજું કોઈ નહિ પણ સાક્ષાત કાલિ મા જગદંબા હતી. આવો હાથ આવેલો અમૂલ્ય અવસર અજ્ઞાનના પડળને લીધે મેં શું કામ ગુમાવ્યો?

ગમે તેમ દક્ષિણેશ્વરની એ અદ્ભૂત દિવ્ય કુમારિકાને યાદ કરીને મેં અનેકવાર અનેરી લાગણી અનુભવી છે. જગદંબાની એ અલૌકિક મધુમયમૂર્તિ મારા મનમાં સદાને સારૂં જડાઈ ગઈ છે. (ક્રમશઃ)



# પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનું તપ હજી ચાલુ છે.

સર્વેશ્વરીપદરેણુ

આજના યુગમાં આપણને ઘણા પંડિતો મળે છે, શાસ્ત્રીઓ મળે છે, પ્રવચનકારો ને પ્રખર કથાકારો પણ મળે છે; પરંતુ જીવનમાં જેઓ ખરેખર સાધના કરતા હોય, તપ ને વ્રતોનો આશ્રય લઈ, જીવનના ધ્યેય સમા ઈશ્વર દર્શન કે આત્મ-દર્શન માટે તપનારા સાચા સાધકો કે સંતો બહુ જ ઓછા મળે છે. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી આવા એક વિરલ મહાપુરુષ હતા, જેમણે પોતાના જીવનનાં ખરી યુવાનીનાં વર્ષો એકાંતમાં રહી તપશ્ચર્યામાં વીતાવી, સાધનાના નવનીતરૂપ આત્મદર્શન, ને અનેક સિદ્ધોનાં દિવ્ય-દર્શન પામ્યા. એમણે પોતાના જીવનમાં સાકાર તેમજ નિરાકાર સાધનાનો સુભગ સમન્વય સાધ્યો.

પરમ પૂ. મા શ્રી સર્વેશ્વરી પણ એવાં જ એક ભગવતી સ્વરૂપ મહા યોગિની છે. તેમણે પ. પૂ. શ્રી યોગેશ્વરજીના લીલા સંવરણ પછી, મનમાં એક સંકલ્પ કર્યો કે પૂ. શ્રીની પ્રત્યક્ષ અનુભૂતિ મેળવવી. પછી ભલેને એ ભૌતિક સ્વરૂપે આજે આપણી વચ્ચે ન હોય. આ માટે એમણે અન્નનો ત્યાગ કર્યો ને સતત પ્રાર્થના, જપ ધ્યાન કરતાં રહ્યાં.

આજે એમની એ સાધના સતત ચાલુ છે. એકસો દસ ઉપર દિવસો થઈ ગયા.! શરીર કૃશ થઈ ગયું છે, પરંતુ એમનો ઉત્સાહ, ધગશ ને શ્રદ્ધા એવાં જ છે. એકધારા એમના તપના દિવસો ચાલ્યાં જ કરે છે.

'જે તપે છે, તે પામે છે' કુદરતનો એ અફર નિયમ છે. પૂ. મા પણ પોતાના ધ્યેયને પરિપૂર્ણ કરવા માટે જીવનની બાજી લગાવી, એટલા જ ઉત્સાહ ને શ્રદ્ધાથી સાધના પંથે આગળ વધી રહ્યાં છે.

એમના આટલા બધા લાંબા ઉપવાસોમાં મોટાભાગના ઉપવાસો તો કેવલ પાણી પર જ રહ્યા છે. છતાં આશ્ચર્યની વાત એ છે કે નથી તેમનામાં પથારીવશતા આવી કે નથી કોઈ શારીરિક શિથિલતા. એમનાં કૃશ અંગોમાં ને અવાજમાં એવીજ સ્ફુર્તિ વરતાય છે, જે એક તંદુરસ્ત માણસમાં હોય.

રોજરોજ પ્રભુના દ્વારે પ્રાર્થનાના પોકારો એ કરતાંજ રહે છે. ઘણીવાર થાય કે 'પ્રભુ કેવી કપરી કસોટી કરે છે !' ત્યારે પૂ. શ્રીની પેલી પંકિતઓ યાદ આવે છેઃ–

ઠોકે ઠોકે રોજ સવારે
બારણાં તોયે ના તું ઉઘાડે,
તેને તેજે અંતર તારે
ગાન બનીને કો'ક સવારે
જાગ્યા વિના ચાલશેના,
પ્રેમ કર્યા વિના ચાલશેના.
ક્યાં સુધી હે પ્રભુ ! તલસાવશો !

આધ્યાત્મિક જગતમાં બધાં કામો તેના નિશ્ચિત સમયે થતાં હોય છે. પૂ. માનું તપ હજી કેટલું ચાલશે તે આપણે જાણતા નથી. પરંતુ શ્રદ્ધા જરૂર છે કે પ્રભુએ એમનો પોકાર સાંભળ્યા વિના ચાલવાનું નથી.

આ દિવસો દરમ્યાન પૂ. માને ઘણા બધા દિવ્ય અનુભવો થતા રહ્યા છે, છતાં પોતે મનમાં નિશ્ચિત કરેલ ધ્યેયની પરિપૂર્ણતા ન થાય, ત્યાં સુધી તપ ચાલુજ રહે, એ સ્વાભાવિક છે.



આપણી ઘણી ભાવના ને ઈચ્છાઓ હોય પણ પૂ. માને એમના તપમાંથી ચલિત થવાનું તો કેમ કહી શકીએ ? આપણે પક્ષે આપણે પૂ. શ્રી તેમજ ભગવાનને, પ્રાર્થીએ કે પૂ. માની માગણી એ સ્વીકારે, એમને દર્શન આપે, શાંતિ ધરે ને કૃતકૃત્ય કરે.

કળિયુગમાં આવું વિરલ મનોબળ ધારણ કરી તપનાર ને પ્રભુ માટે સર્વ કાંઇનું સમર્પણ કરનાર પૂ. માના ચરણોમાં આપણા અનેકાનેક પ્રણામ. "તેઓ સ્વયં જગદંબાજ છે. શ્રદ્ધા હશે તો ઓળખાશે." પૂ. શ્રીના આ શબ્દોને પૂ. મા ચરિતાર્થ કરી રહ્યાં છે.

✻

## અભિનંદનના અધિકારી

નર્મદા અસ્થિ વિસર્જન પ્રસંગે પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની અપીલના અનુસંધાનમાં ચાર યુવાનોએ અધ્યાત્મના દસ દસ ગ્રાહકો નોંધી લાવવાની પ્રતિજ્ઞા કરેલી તે શુભ પ્રારંભના પગલેપગલે બીજા ઘણાઓએ આ ઝુંબેશને વગર કહ્યે ઉપાડી લીધી છે. એવા એ અભિનંદનના અધિકારીઓનાં નામ નીચે પ્રમાણે છેઃ–

| | |
|---|---|
| ૧. શ્રી અતુલ હરિશ્ચંદ્ર કોન્ટ્રાકટર | ૧૨ ગ્રાહકો |
| ૨. મોરબીના ઉત્સાહી સાધક | ૧૦ |
| ૩. શ્રી પૂર્ણિમા પી. પટેલ | ૨૦ |
| ૪. ,, શિરીષ ઇ. વ્યાસ | ૧૦ |
| ૫. ,, દિલીપ એમ. શાહ | ૧૦ |
| ૬. ,, વિજય પુરોહિત | ૧૦ |
| ૭. ,, હરિશભાઈ કોન્ટ્રાક્ટર | ૧૦ |
| ૮. ,, વી. કે. સોલંકી વડોદરા | ૬ |

૯. ,, શ્રી ભાવનાબેન ભાવસારે કુલ ૧૨ ગ્રાહકો અને એક આજીવન સભ્ય નોંધ્યા છે.

આ ઉપરાંત, ભારતમાંથી સાધક ભાઈબહેનો તરફથી ભેટમાં મળેલ રકમોની વિગત નીચે પ્રમાણે છે:-

૧૫–૦૦ શ્રી રમેશભાઇ ગોહિલ, નોકરી મળવા નિમિત્તે.
૨૫–૨૫ શ્રી શકુંતલાબેન મગનલાલ પટેલ હેતલકુમારના જન્મદિન નિમિત્તે.
૫૧–૦૦ શ્રી અશોકકુમાર મૂળશંકર ત્રિવેદી તરફથી પુત્રની બાધા પ્રસંગે.
૩૧–૦૦ શ્રી અનસૂયાબેન ભટ્ટ, વડોદરા પુત્રી ધારિણીના લગ્ન નિમિત્તે.
૧૧–૦૦ અનામી ભેટ (અમદાવાદ શ્રી બાબુભાઇ વોરને ત્યાં)
૫૧–૦૦ શ્રી પ્રભુદાસભાઇ હળવદિયા, પુત્રીના પ્રથમ જન્મદિન નિમિત્તે.
૩૦–૦૦ શ્રી ભાઇલાલભાઇ છાટબાર, અખંડઆનંદના લેખના પુરસ્કારના.
૧૧–૦૦ શ્રી રંજનાબેન દેસાઇ તરફથી બાળકો પાસ થતાં.
૨૧–૦૦ શ્રી નીતાબેન ભીખુભાઈ એસ. એસ. સી માં સારા માર્કે પાસ થતાં.

*

## દીલગીર છીએ

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના લીલા સંવરણ પ્રસંગે પરદેશના કેટલાય સાધક ભાઇ બહેનોના દુઃખ ને સમભાવ-લાગણી પ્રદર્શિત કરતા લાંબા સંદેશા તેમજ પત્રો મળેલા છે. તે બધા વિગતે પ્રસિદ્ધ કરવા અત્રે શકય નથી, તો ક્ષમા કરે.

આ બધાં જ ભાઇ–બહેનોએ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી-માં પોતાની શ્રદ્ધા ભકિત વ્યકત કરી છે, ને તેઓને ભવિષ્ય-



માં આધ્યાત્મિક દોરવણી આપવા પણ વિનંતી કરી છે. આ બધાં જ ભાઈ બહેનોના અમે આભારી છીએ.

આ પત્ર લેખકોમાં નીચેનાઓનો સમાવેશ થાય છે:-

શ્રી કુમુદચંદ્ર ને પુષ્પાબેન, નેપરવીલ અમેરિકા.
,, જગદીપ ભકત, ઓઝીના અમેરિકા.
,, સંજય ભકત, લાગોસ નાઇઝીરીયા.
,, શ્રીકાન્ત વ્યાસ તથા શર્મિષ્ઠા વ્યાસ, લેસ્ટર યુ. કે.
,, ભારતીબેન, લીટલ રોક, અમેરિકા.
,, ખુશાલભાઇ તથા મણિબેન, રગ્બી.
,, અંબુભાઈ મિસ્ત્રી, રગ્બી.
,, રામકબીર ભકત સમાજ, અલહામ્બ્રા વતી છગનભાઇ ભૂલાભાઇ ભકત.
શ્રી વિદ્યાશંકર વ્યાસ, જયપુર.
,, રમણીકભાઇ મોહનભાઇ ગેલાણી, લૂઈસ ટ્રીચાર્ડટ દક્ષિણ આફ્રિકા.

તંત્રી

*

## "હવે આપમાં જ પ્રભુને જોઇશું"

આશા ભક્ત

પૂ. વ્હાલાં–પ્યારાં મા, સાન્ફ્રાન્સીસ્કો

આપનું સ્વાસ્થ્ય કેમ છે ? આપના મનોબળથી થોડીક પરિચિત છું. મા, પ્રભુના સમાચારથી મન અંતર ખળભળી ગયું. મનથી જ પ્રભુ સાથે ઝગડો શરૂ કર્યો કે ગયે વખતે પણ આવું જ કર્યું. આ વખતે પણ !...કદાચ એટલે જ પ્રભુ તમારૂં નામ રણછોડ છે. આખો દિવસ દલીલો કરી... રાત્રે પ્રભુએ સ્વપ્નમાં બે વાર આવી કહ્યું કે "ચિંતા કરે છે. હું તો કયાંય ગયો નથી. જો અહીં જ છું. અહીં જ છું." પછી શાન્ત અને સ્વસ્થ થઇ ગઇ...ખરે જ મા, પ્રભુ કયાંય

ગયા નથી. તમારી અંદરજ સમાયા છે. પહેલાં અમે બે રૂપ જોતાં હતાં. હવે આપમાંજ પ્રભુને જોઈશું.

મા, મને કેટલાય દિવસથી લાગે છે કે માનસિક રીતે હું આપની સાથે અથવા આપ અહીં છો. તમારો અવાજ હું સાંભળી શકું છું. આપની વાતો, આપનો અણુસાર મહેસૂસ કરું છું. મા, મારે આપનાં દર્શન કરવાં છે ખૂબ જલદી હું ઓગસ્ટ સપ્ટેમ્બરમાં આવીશ.

હું તો માનું છું કે પ્રભુ શ્રીકૃષ્ણની માફક વ્રજ છોડી મથુરા ગયા છે. એનું કારણ આપણે સહુ છીએ. કદાચ... આપણે કહેતા હતા કે પ્રભુ છે એટલે આપણે શી ફીકર છે? એટલે પ્રભુ દૂર રહીને આપણને પ્રેમ-ભકિત-સાધનાના પાઠ ભણાવવાજ આપણી નજરોથી દૂર ગયા છે. પ્રભુ આપણને જોયા વગર રહી શકે જ નહિ. એટલે પૂ.માની અંદર સમાઇને આપણા ઉપર પ્રેમની રેલમછેલ કરશે.

*

## રામાયણનું પારાયણ

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી રચિત રામચરિત માનસનું તા. ૨૪-૬-૮૪થી દસ દિવસ માટે દરરોજ ત્રણ કલાકનું સંગીત-ના વાદ્યો સાથે પ. પૂ. માશ્રી સર્વેશ્વરી પારાયણ કરી રહ્યાં છે. આ કાર્યક્રમમાં લગભગ સો જેટલાં ભાઇબહેનો રોજ ભાગ લે છે. અડધો કલાક ધૂન ને પૂ. શ્રીનું ટેપ પ્રવચન પણ થાય છે.

પૂ. માના ઉપવાસો હાલ કેવળ પાણી ઉપર ચાલે છે ને સો ઉપર દિવસ થઈ ગયા છે છતાં પ્રસન્નતાપૂર્વક તેઓ પારાયણ કરી રહ્યાં છે. આ સમયે શાંત, સુંદર ને દિવ્ય વાતાવરણનો સાધકો અનુભવ કરે છે.

## અપરિગ્રહ

अपरिग्रहप्रतिष्ठायां जन्मकथन्तासंबोधः । પા. યોગ દર્શન

અપરિગ્રહની દ્રઢતા થવાથી યોગીને પૂર્વજન્મનું જ્ઞાન થાય છે.

જ્યારે યોગી બીજાની પાસેથી કાંઈ પણ લેવું નહિ એવા સંકલ્પનું પાલન કરે છે, ત્યારે તેનું મન બીજાઓની અસર-માંથી મુક્ત થઇ સ્વતંત્ર તથા શુદ્ધ બને છે; કારણ કે દાન ગ્રહણ કરવાની સાથે દાન આપનારનાં પાપ તેમ જ અવ-ગુણની અસરોનો પણ આપોઆપ જ સ્વીકાર થઇ જાય છે. અને મન ઉપર તેનાં એક પછી એક એવાં અનેક આવરણ જામતાં જતાં મન તેની અંદર રુંધાઈ જાય છે. પરિગ્રહનો ત્યાગ કરવાથી એ પ્રમાણે થતું અટકે છે અને મન નિર્મળ થઇ જાય છે. આથી જે જે લાભ થાય છે; તેમાં પૂર્વજન્મનું સ્મરણ એ મુખ્ય છે. તેમ થવાથી યોગી પોતાના લક્ષમાં દ્રઢ થાય છે; કારણકે પોતે આ દુનિયામાં અનેક વાર આવ્યો અને અનેક વાર ગયો તે વાત તે સારી રીતે સમજી શકે છે. તેથી તે દ્રઢ સંકલ્પ કરે છે કે હવે આ ભવચક્રના ભ્રમણમાં ફરી મારે આવવું નથી. અને પ્રકૃતિના દાસ બનવું નથી.

સ્વામી વિવેકાનંદ

# કૈવલ્ય

યોગીએ સમજીને પોતાના અંતરના અંતરતમમાં
લખી રાખવું જોઈએ કે પ્રકૃતિ તથા તેમાંથી ઉત્પન્ન
થતા પદાર્થો પરિવર્તનશીલ ને પરિણામે દુઃખદ છે.
એમ સમજીને તેણે પ્રકૃતિના ગુણ તથા કાર્યથી અલિપ્ત
રહેતાં શીખી લેવું જોઈએ. પ્રકૃતિ કરતાં આત્મા અલગ
છે. એ આત્માજ પોતાનું મૂળસ્વરૂપ છે, ને અસંગ,
નિર્વિકાર તથા મુક્ત છે, એ વાતને યાદ રાખીને,
પ્રકૃતિથી પર થઇને એ પરમ પુરુષ પરમાત્માનો સ્વા-
નુભવ કરવા તેણે તૈયાર થવું જોઇએ. એ મહાન કામ-
માં સફળ થવાય તે માટે તેણે વિવેકની જ્યોતિને
નિરંતર જાગ્રત રાખવી જોઇએ તથા સાથે સાથે ધ્યાન,
ધારણા ને સમાધિના અંતરંગ અભ્યાસમાં આગળ ને
આગળ વધતા રહેવું જોઇએ. એમ કરતાં કરતાં યોગીનું
મન તદ્દન નિર્મળ બની જાય છે, ને દોષના મૂળરૂપ
બધી જાતની વાસનાનો ક્ષય થાય છે, તેને નિર્બીજ
સમાધિની પ્રાપ્તિ થાય છે. તે દશા દરમ્યાન, ચિત્ત
પોતાના કારણમાં મળી જાય છે ને પુરુષની પોતાના
સ્વરૂપમાં પ્રતિષ્ઠા થાય છે, તેનેજ કૈવલ્ય કહેવામાં આવે
છે. મુક્તિ અને નિર્વાણ તેનાંજ બીજાં નામ છે. તેજ
પરમગતિ છે ને પરમધામ પણ તેજ છે.

એની પ્રાપ્તિ પછી યોગીનું જીવન ધન્ય બની જાય
છે. સંસારમાં સૌથી મોટી આત્માની અનંત ને અક્ષય
સંપત્તિનો તે સ્વામી બની જાય છે.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ☎ ૨૮૧૭૨